GJAH220000832002

-:: FORM NO. A ::-

# મે. એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ,
# મુ. અમદાવાદ(સીટી).

(ક્રિમીનલ કેસ નં. ૨૦૦૧૧૬ / ૨૦૦૨)

**(Complaint Under Section 56 read with Section 18(2), 18(3) and 68 of The Foreign Exchange Regulation Act, 1973 read with sub section 49(3)(4) of The Foreign Exchange Management Act, 1999.)**

આંક–

| | | |
|---|---|---|
| ફરીયાદી | : | **P.N.Ladhawala**<br>Chief Enforcement Officer,<br>Enforcement Directorate,<br>2nd Floor, Jitendra Chambers, Near Reserve Bank of India, Ashram Road, Ahmedabad. |
| ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી | : | વિ. સ્પે.પી.પી.શ્રી એસ.કે.ગુપ્તા |
| આરોપી | : | **(1) M/s. S.C.Chemicals**<br>At-14-15, Sector No.2,<br>Kandla Free Trade Zone,<br>Gandhidham-Kachchha.<br>**(2) Shri Sevantilal C. Shah**<br>**Executive Director,**<br>**M/s. S.C.Chemicals**<br>At-14-15, Sector No.2,<br>Kandla Free Trade Zone,<br>Gandhidham-Kachchha. |
| આરોપી પક્ષે વિ.વકીલ | : | શ્રી બી.બી.શાહ |

**-:: FORM NO. B ::-**

| | | |
|---|---|---|
| બનાવનો સમયગાળો | : | ડીસે–૧૯૯૧ થી સપ્ટે–૧૯૯૩ |
| ફરિયાદ દાખલ કર્યા તારીખ | : | ૩૦/૦૪/૨૦૦૨ |
| ચાર્જનો પુરાવો શરૂ થયાની તારીખ | : | ૨૫/૦૬/૨૦૧૨ |
| ચાર્જનો પુરાવો પુરા થયા તારીખ | : | ૧૭/૦૩/૨૦૧૮ |
| ચાર્જ ફરમાવવાનો હુકમ તારીખ | : | ૦૩/૦૬/૨૦૨૪ |
| તહોમતનામું ફરમાવ્યાની તારીખ | : | ૨૦/૧૧/૨૦૨૪ |
| આરોપીની પ્લી (નિવેદન) તારીખ | : | ૨૦/૧૧/૨૦૨૪ |
| આરોપીનું વધારાનું નિવેદન નોંધ્યા તારીખ | : | ૧૧/૦૮/૨૦૨૫ |
| ચાર્જ પછીનો પુરાવો બંધ થયા તારીખ | : | ૦૨/૦૮/૨૦૨૫ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ | : | ૨૫/૦૩/૨૦૨૬ |
| જજમેન્ટ તારીખ | : | ૨૫/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | : | નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવેલ છે. |

**-:: FORM NO. C ::-**

**ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી પ્રવિણચંદ્ર નરસિંહલાલ લાધાવાલાની સોગંદ ઉપરની જુબાની | ૫૭ |

**ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૫૬ મુજબનો સેંકશન ઓર્ડર, તા.૩૧/૧/૨૦૦૧ | ૫૮ |
| ૨ | ચીફ એનફોર્સમેન્ટ ઓફીસરશ્રી પી.એન.લાધાવાલાનાઓ દ્વારા ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૬૧ મુજબ આરોપી નં.૧ પેઢીને આપવામાં આવેલ ઓપોર્ચ્યુનીટી નોટીસ | ૫૯ |
| ૩ | એડવોકેટ શ્રી જે.એસ.અગ્રવાલનાઓ મારફત આરોપીઓએ પાઠવેલ | ૬૦ |

| | | |
|---|---|---|
| | ઓપોર્ચ્યુનીટી નોટીસનો લેખિત જવાબ, તા.૧૦/૨/૨૦૦૨ | |
| ૪ | ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૫૬ મુજબ આરોપીઓ સામે પ્રોસિકયુશન દાખલ કરવા ડેપ્યુટી લીગલ એડવાઈઝરનાઓ ધ્વારા ડેપ્યુટી ડાયરેકટર એનફોર્સમેન્ટ અમદાવાદને લખવામાં આવેલ પત્ર, તા.૬/૩/૨૦૦૨ | ૬૧ |
| ૫ | ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૫૬ મુજબ આરોપીઓ સામે પ્રોસિકયુશન દાખલ કરવા બાબતે આસી.ડાયરેકટરશ્રી એમ.એચ.ખાનનાઓ ધ્વારા શ્રી ટી.કે.ગડુ, ડે.લીગલ એડવાઈઝર એનફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટ ન્યુ દિલ્હીને લખવામાં આવેલ પત્ર, તા.૧૯/૨/૨૦૦૨ | ૬૨ |
| ૬ | ડે.ડાયરેકટર શ્રી સી.એમ.મહેરાનાઓ ધ્વારા તા..../૦૫/૧૯૯૪ ના રોજ આસી.ડાયરેકટરશ્રીને લખવામાં આવેલ પત્ર | ૭૨ |
| ૭ | ફેરા એકટ, ૧૯૭૩ની કલમ ૪૦ મુજબ આરોપી નં.૧ પેઢીને ઈસ્યુ કરવામાં આવેલ સમન્સ, તા.૪/૮/૧૯૯૭ | ૭૩ |
| ૮ | આંક–૭૩ વાળા સમન્સની બજવણી આરોપી નં.૧ એસ.સી. કેમીકલ્સને તા.૭/૮/૧૯૯૭ ના રોજ થયેલ જેની રજી.પોસ્ટ એડી. એકનોલોજમેન્ટ સ્લીપ અસલ. | ૭૪ |
| ૯ | આંક–૭૩ વાળું સમન્સ આરોપી પેઢીને મળ્યા બાદ આરોપી પેઢી ધ્વારા ફરિયાદી ડીપાર્ટમેન્ટ પાસે મુદ્દત માંગતો કરવામાં આવેલ ટેલીગ્રામ, તા.૧૮/૮/૧૯૯૭ | ૭૫ |
| ૧૦ | ફરિયાદી ડીપાર્ટમેન્ટના એનફોર્સમેન્ટ ઓફીસર અમદાવાદ શ્રી એસ.કે.ચેટર્જી નાઓ ધ્વારા આરોપી પેઢીને સ્ટેટમેન્ટ આપવા બાબત તા.૧૯/૮/૧૯૯૭ ના રોજ પાઠવવામાં આવેલ બીજો સમન્સ | ૭૬ |
| ૧૧ | ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૪૦ હેઠળ આરોપી નં.૨ સેવંતીલાલ સી.શાહ નાઓનું લેવામાં આવેલ નિવેદન, તા.૧૮/૯/૧૯૯૭ | ૭૭ |
| ૧૨ | ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૪૦ હેઠળ આરોપી નં.૨ સેવંતીલાલ સી.શાહ નાઓનું પ્રિસ્ક્રાઈબ ફોર્મેટમાં લેવામાં આવેલ નિવેદન, તા.૧૮/૯/૧૯૯૭ | ૭૮ |
| ૧૩ | આરોપી નં.૨ ધ્વારા આરોપી નં.૧ એસ.સી.કેમીકલ્સના લેટર પેડ ઉપર ફરિયાદી ડીપાર્ટમેન્ટને પત્ર લખી તે સાથે મોકલાવેલ દસ્તાવેજો, તા.૨૯/૯/૧૯૯૭ | ૮૫ |
| ૧૪ | આરોપી નં.૨ ધ્વારા આરોપી નં.૧ એસ.સી.કેમીકલ્સના લેટર પેડ ઉપર ફરિયાદી ડીપાર્ટમેન્ટને પત્ર લખી તે સાથે મોકલાવેલ દસ્તાવેજો, તા.૧૦/૧/૧૯૯૮ | ૮૬ |
| ૧૫ | ફરિયાદીશ્રી પી.એન.લાધાવાલાનાઓ ધ્વારા તા.૨૩/૩/૧૯૯૮ ના રોજ આરોપી નં.૧ પેઢીને લખવામાં આવેલ પત્ર | ૮૭ |

| | | |
|---|---|---|
| ૧૬ | આંક–૮૭ વાળા પત્રના અનુસંધાને આરોપી નં.૧ પેઢી ધ્વારા તેના લેટર પેડ ઉપર આરોપી નં.ર ની સહીથી ફરિયાદી ડીપાર્ટમેન્ટમાં મોકલવામાં આવેલ જવાબ, તા.ર૮/૩/૧૯૯૮ | ૮૮ |
| ૧૭ | KOOSPOL INTERNATIONAL A.S ધ્વારા તેના લેટરપેડ ઉપર આપવામાં આવેલ લેન્ડીંગ સર્ટી., તા.પ/૧/૧૯૯૪ | ૮૯ |
| ૧૮ | ફરિયાદી ચીફ એનફોર્સમેન્ટ ઓફીસર શ્રી પી.એન.લાધાવાલાનાઓ ધ્વારા આરોપી નં.૧ પેઢી પાસેથી Czech Republic ના ગર્વમેન્ટ ઓર્થોરીટી ધ્વારા આપવામાં આવેલ સર્ટી.ની માંગણી કરતો લખવામાં આવેલ પત્ર, તા.૮/પ/૧૯૯૮ | ૯૦ |
| ૧૯ | આંક–૯૦ વાળા પત્રના અનુસંધાને આરોપી નં.૧ પેઢી ધ્વારા ફરિયાદી ડીપાર્ટમેન્ટને તા.૧૪/પ/૧૯૯૮ ના રોજ પાઠવવામાં આવેલ પત્ર | ૯૧ |
| ર૦ | ફરિયાદી ચીફ એનફોર્સમેન્ટ ઓફીસર શ્રી પી.એન.લાધાવાલાનાઓ ધ્વારા આરોપી નં.૧ પેઢીને લખવામાં આવેલ પત્ર, તા.ર૪/૭/૧૯૯૮ | ૯ર |
| ર૧ | આંક–૯ર વાળા પત્રના અનુસંધાને આરોપી નં.૧ પેઢી ધ્વારા ફરિયાદી ડીપાર્ટમેન્ટને તા.ર૮/૭/૧૯૯૮ ના રોજ પત્ર લખી પાઠવવામાં આવેલ જરૂરી વિગતો | ૯૩ |
| રર | ફરિયાદી ચીફ એનફોર્સમેન્ટ ઓફીસર શ્રી પી.એન.લાધાવાલાનાઓ ધ્વારા મેનેજરશ્રી બેન્ક ઓફ ઈન્ડીયા, ગાંધીધામને પત્ર લખી પત્રમાં દર્શાવેલ જી.આર.નંબર હેઠળ એક્ષપોર્ટ થયેલ માલના નાણાં કન્વર્ટેબલ ભારતીય ચલણમાં આવેલ છે કે કેમ? તેની વિગતો મેળવવા લખવામાં આવેલ પત્ર, તા.૧૦/૯/૧૯૯૮ | ૯૪ |
| ર૩ | આંક–૯૪ ના પત્રના અનુસંધાને બેન્ક ઓફ ઈન્ડીયા ધ્વારા ફરિયાદી ડીપાર્ટમેન્ટ પાસેથી જી.આર.નંબરના વર્ષની વિગતો મેળવવા લખવામાં આવેલ પત્ર, તા.રર/૯/૧૯૯૮ | ૯પ |
| ર૪ | ફરિયાદી ચીફ એનફોર્સમેન્ટ ઓફીસર શ્રી પી.એન.લાધાવાલાનાઓ ધ્વારા મેનેજરશ્રી બેન્ક ઓફ ઈન્ડીયા, ગાંધીધામને તા.૬/૧૦/૧૯૯૮ ના રોજ લખવામાં આવેલ પત્ર | ૯૬ |
| રપ | આંક–૯૬ વાળા પત્રનું રીમાઈન્ડર તા.૧૦/૧ર/૧૯૯૮ | ૯૭ |
| ર૬ | બેન્ક ઓફ ઈન્ડીયા, ગાંધીધામ ધ્વારા ફરિયાદી ડીપાર્ટમેન્ટને પત્ર લખી શિપમેનનું ડેસ્ટીનેશન રોટરડેમ છે અને પ્રહા નથી અને બધા શિપમેનના નાણાં ફકત ઈન્ડીયન કરન્સીમાં આવેલ છે તેવી જાણ કરતો લખવામાં આવેલ પત્ર, તા.ર૧/૧ર/૧૯૯૮ | ૯૮ |
| ર૭ | ફરિયાદી ચીફ એનફોર્સમેન્ટ ઓફીસર શ્રી પી.એન.લાધાવાલાનાઓ ધ્વારા આરોપી પેઢીને ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૪૦ હેઠળ જરૂરી | ૧૦૧ |

| | | |
|---|---|---|
| | કાગળો સાથે હાજર રહેવા પાઠવવામાં આવેલ સમન્સ, તા.૨૫/૨/૧૯૯૯ | |
| ૨૮ | આરોપી નં.૧ પેઢી ધ્વારા આરોપી નં.૨ ની સહીથી તેના લેટરપેડ ઉપર ફરિયાદી ડીપાર્ટમેન્ટને મોકલવામાં આવેલ ડોકયુમેન્ટસ, તા.૩/૩/૧૯૯૯ | ૧૦૨ |
| ૨૯ | ફરિયાદી ચીફ એનફોર્સમેન્ટ ઓફીસર શ્રી પી.એન.લાધાવાલાનાઓ ધ્વારા આંક–૧૦૨ વાળા પત્ર બાબતે જરૂરી ખુલાસા રજુ કરવા આરોપી ઓને રજી.પોસ્ટ એડી.થી મોકલાવેલ પત્ર, તા.૧૦/૩/૧૯૯૯ | ૧૦૩ |
| ૩૦ | ફરિયાદી ચીફ એનફોર્સમેન્ટ ઓફીસર શ્રી પી.એન.લાધાવાલાનાઓ ધ્વારા ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૪૦ હેઠળ આરોપીઓને સમન્સ પાઠવી એક્ષપોર્ટ કરવામાં આવેલ કસ્ટર્ડ ઓઈલ પ્રહામાં દાખલ થયા અંગેનો કસ્ટમ કલીયરન્સ દાખલો રજુ કરવા જણાવવામાં આવેલ તે સમન્સ, તા.૨૬/૩/૧૯૯૯ | ૧૦૪ |
| ૩૧ | આંક–૧૦૪ ના સમન્સના જવાબમાં આરોપી નં.૨ ની સહી હેઠળ તા.૧/૪/૧૯૯૯ ના રોજ આરોપી નં.૧ પેઢીના લેટરપેડ ઉપર ફરિયાદી ડીપાર્ટમેન્ટને લખવામાં આવેલ પત્ર | ૧૦૫ |

**<u>આરોપીપક્ષ તરફથી તેમના બચાવના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | આરોપી નં.૨ સેવંતીલાલ ચીમનભાઈ શાહની સોગંદ ઉપરની જુબાની | ૧૭૨ |
| ૨ | આર.બી.આઈ.,અમદાવાદ ઓફીસમાં ફોરેન એક્ષચેન્જ ડીપાર્ટમેન્ટમાં મેનેજર તરીકે ફરજ બજાવતા શ્રી અનમોલ ગજેન્દ્ર નરૂલાની સોગંદ ઉપરની જુબાની | ૧૭૬ |
| ૩ | સાહેદ કુશલરાજ ગેકચંદ પારેખ(આરોપી નં.૧ પેઢીના ભાગીદાર)ની સોગંદ ઉપરની જુબાની | ૧૮૦ |

**<u>આરોપીપક્ષ તરફથી તેમના બચાવના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સાહેદ અનમોલ ગજેન્દ્ર નરૂલાનાઓને અત્રેની અદાલતમાં આ કામે હાજર રહેવા સુચના આપતો આર.બી.આઈ.નો પત્ર, તા.૧૪/૧૧/૨૦૨૫ | ૧૭૭ |
| ૨ | રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના એક્ષચેન્જ કન્ટ્રોલ ડીપાર્ટમેન્ટ, બોમ્બેનો સરકયુલર No.10-A.D(G.P.Series), Dt.16/04/1993 | ૧૭૮ |
| ૩ | ઈ–મેઈલની નકલ | ૧૭૯ |
| ૪ | આરોપી તરફે કલોજીંગ, તા.૨૮/૨/૨૦૨૬ | ૧૮૩ |

## -: **ચુ કા દો** :-

**( તારીખ : ૨૫/૦૩/૨૦૨૬ )**

(૧) હાલના કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી ચીફ એનફોર્સમેન્ટ ઓફીસર તરીકે તેમની સરકારી અધિકારી તરીકેની ફરજમાં છે. કેન્દ્ર સરકાર ધ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામા ક્રમાંક : ૧૭/૯૩ (F.No. 1-2-93-Ad-IC ) તા.૨૪/૯/૧૯૯૨ મુજબ એક જાહેર સેવક છે. ફોરેન એક્ષચેન્જ રેગ્યુલેશન એકટ, ૧૯૭૩ (FERA) ની કલમ ૫૧ હેઠળ મળેલી સત્તા અનુસાર, તેઓ આ કાયદાની કલમ ૫૬ હેઠળ શિક્ષાપાત્ર ગુના કામે ફરિયાદ દાખલ કરવા માટે અધિકૃત છે. વધુમાં, ફરિયાદ હકીકત મુજબ, આરોપી નં.૧ એક ભાગીદારી પેઢી છે જેમાં ૧૪ ભાગીદારો છે અને આ પેઢી વર્ષ ૧૯૮૪ થી BSC ગ્રેડના એરંડાના તેલ (Castor Oil) ની નિકાસનો વ્યવસાય કરે છે. આરોપી નં.૨ એ એકઝીકયુટીવ ડિરેકટર અને ભાગીદાર છે તેમજ આરોપી નં.૧ પેઢીના વ્યવસાય અને કામકાજ ચલાવવા માટે જવાબદાર વ્યકિત છે. વધુમાં, ફરિયાદ હકીકત મુજબ, ડીસેમ્બર ૧૯૯૧ થી સપ્ટેમ્બર ૧૯૯૩ ના સમયગાળા દરમ્યાન, આરોપી નં.૧ એ મે.કુસપોલ ઈન્ટરનેશનલ, SP પ્રાહેઝ ચેક રિપબ્લીક સાથે ભારતીય ફર્સ્ટ સ્પેશિયલ ગ્રેડ રીફાઈન્ડ એરંડાના તેલના જથ્થાબંધ સપ્લાય માટે ૫ FOB કરાર કર્યા હતા, જેની વિગતો ફરિયાદ સાથે જોડાયેલ એનેક્ષરમાં છે.

(૨) વધુમાં, ફરિયાદ હકીકત મુજબ, આરોપી નં.૧ ધ્વારા રૂા.૨,૬૫,૯૮,૧૬૦/- ની કિંમતનો ઉપરોકત માલ નિકાસ કરવામાં આવ્યો હતો, પરંતુ માલ નિર્ધારીત સ્થળે ઉતારવાને બદલે રોટરડેમ ખાતે ઉતારવામાં આવ્યો હતો, જે માત્ર એક ટ્રાન્ઝીટ પોર્ટ હતું. માંગણી કરવા છતાં, આરોપીઓ યોગ્ય લેન્ડીંગ સર્ટીફીકેટ અથવા તે માલ ચેક રિપબ્લીકમાં દાખલ થયો હોવાનું દર્શાવતું પ્રમાણપત્ર રજુ કરવામાં અસમર્થ રહયા હતા. વધુમાં, ફરિયાદ હકીકત મુજબ, FERA ની કલમ ૪૦ હેઠળ આરોપી નં.૨

ને સમન્સ જારી કરવામાં આવ્યા હતા, જેમનું નિવેદન તા.૧૮/૯/૧૯૯૭ ના રોજ નોંધવામાં આવ્યું હતું. જેમાં તેમણે જણાવ્યુ હતુ કે, તેઓ આરોપી નં.૧ પેઢીના એકઝીકયુટીવ ભાગીદાર છે અને તેઓ ૧૯૯૪ થી BSC ગ્રેડના એરંડાના તેલની નિકાસ કરે છે, પરંતુ ઉપરોકત માલના સંદર્ભમાં, માલ નિર્ધારીત સ્થળે ઉતારવા અંગે કોઈ સંતોષકારક પુરાવા રજુ કરવામાં આવ્યા ન હતા. એવી ખબર પડી કે, માલ કયારેય ચેક રિપબ્લીકમાં દાખલ થયો ન હતો પરંતુ તે રોટરડેમ પહોંચ્યો હતો જે માત્ર ટ્રાન્ઝીટ પોર્ટ હતું.

(૩) વધુમાં, ફરિયાદ હકીકત મુજબ, બેન્ક સ્ટેટમેન્ટના આધારે જાણવા મળ્યુ કે, ચુકવણી CZSR પાસેથી ભારતીય રૂપિયામાં મેળવવામાં આવી હતી, જો કે માલ આખરે રોટરડેમમાં ઉતારવામાં આવ્યો હતો જે હાર્ડ કરન્સી પેમેન્ટ દેશ છે. વળી, ગંતવ્ય બંદર રોટરડેમ હતુ જે એક્ષટર્નલ ગ્રુપ દેશમાં આવતુ હતુ અને તેથી FERA ની કલમ ૧૮(૨) મુજબ આરોપીઓ માટે હાર્ડ કરન્સીમાં ચુકવણી મેળવવી ફરજીયાત હતી, ભારતીય રૂપિયામાં નહિ. વધુમાં, ફરિયાદ હકીકત મુજબ, આરોપીઓએ તેમની અધિકૃત ડીલર બેન્ક ઓફ બરોડા, ગાંધીધામ ધ્વારા ચેક રિપબ્લીકના ખરીદદારો ને માલની નિકાસ પેટે ઈરીવોકેબલ લેટર ઓફ ક્રેડીટ (રૂપાંતરીત ભારતીય ચલણ) સામે સંપુર્ણ નિકાસ રકમ વસુલ કરી હતી, કારણ કે ચેક રિપબ્લીક દ્વિ–પક્ષીય વેપારી દેશ છે. નિકાસ માટેના ઉપરોકત કન્સાઈનમેન્ટ નેધરલેન્ડમાં એક્ષટર્નલ ગ્રુપમાં ઉતારવામાં આવ્યા હતા અને તેની ચુકવણી નોન–કન્વર્ટીબલ રૂપિયામાં મેળવવામાં આવી છે. આ ચુકવણી રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા (RBI) ની સામાન્ય કે વિશેષ પરવાનગી વિના મેળવવામાં આવી હતી, જે FERA ની કલમ ૧૮(૨) સાથે વંચાણે લેતાં કલમ ૬૮(૧) સંબંધિત કેન્દ્ર સરકારના જાહેરનામાં અને ફોરેન એક્ષચેનજ રેગ્યુલેશન રૂલ્સના નિયમ ૭(૨) અને ૯ નું ઉલ્લંઘન છે.

(૪) વધુમાં, ફરિયાદ હકીકત મુજબ, નિયમ ૭(૨) અને ૯ સાથે વંચાણે લેતાં ત્રીજી અનુસુચિ, જે કેન્દ્ર સરકારના જાહેરનામા નં.F.1 67-FC-73-1-111, તા.૧/૧/૧૯૭૪ માં નિર્ધારીત છે, તે મુજબ માલનું જાહેર કરેલું ગંતવ્ય સ્થાન એટલે એવા દેશનું સ્થળ જયાં માલ આખરે આયાત કરવામાં આવે અને તે દેશના કસ્ટમ્સ ધ્વારા કલીયર કરવામાં આવે, અને તેની ચુકવણી સબ–ગ્રુપના કોઈપણ પ્રદેશ અથવા એકસટર્નલ ગ્રુપના દેશના ચલણમાં મેળવવાની હોય છે. આરોપીઓ RBI ની સામાન્ય કે વિશેષ પરવાનગી વિના નિર્ધારીત રીતે કુલ રૂા.૨,૬૫,૯૮,૧૬૦/– ની નિકાસ રકમ વસુલ કરવામાં નિષ્ફળ રહયા છે. તે સ્પષ્ટ છે કે, આરોપીઓએ FERA ની કલમ ૧૮(૨) ની જોગવાઈઓ અને સંબંધિત કેન્દ્ર સરકારના જાહેરનામા તથા ફોરેન એક્ષચેન્જ રેગ્યુલેશન રૂલ્સની કલમ ૬૮(૧) નું ઉલ્લંઘન કર્યુ છે.

(૫) વધુમાં, ફરિયાદ હકીકત મુજબ, ફાઈલ નં.T/4/66/8/99 માં તા.૯/૧૦–૩–૨૦૦૦ ના રોજ પસાર કરાયેલ આદેશ ધ્વારા, સ્પેશિયલ ડીરેકટર ઓફ એન્ફોર્સમેન્ટ, મુંબઈએ આરોપી નં.૧ પર રૂા.૫૦,૦૦,૦૦૦/– અને આરોપી નં.૨ પર રૂા.૫,૦૦,૦૦૦/– નો દંડ ફટકાર્યો છે. ફરિયાદીપક્ષ ધ્વારા આરોપીઓને તા.૬/૨/૨૦૦૨ ના રોજ તકની નોટીસ આપવામાં આવી હતી, પરંતુ આરોપીઓ નોટીસમાં કરેલી માંગણીઓનું પાલન કરવામાં નિષ્ફળ રહયા છે અને તેની અવગણના કરી છે. એન્ફોર્સમેન્ટ ડીરેકટરે મંજુરી પત્ર નં.T-23/04/AHD/PROS/2001, તા.૬/૩/૨૦૦૨ ધ્વારા FERA ની કલમ ૫૬ હેઠળ કાર્યવાહી માટે મંજુરી આપી છે અને તે મુજબ આરોપી ઓ સામે ઉપરોકત ગુનાઓ માટે કાર્યવાહી કરવામાં આવી છે.

(૬) શ્રી પી.એન.લાધાવાલા, એન્ફોર્સમેન્ટ ઓફીસર ધ્વારા દાખલ કરવામાં આવેલ ઉપરોકત ફરિયાદના કામે આરોપી સામે આક્ષેપિત ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૫૬ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં મહત્તમ સજા સાત વર્ષ સુધીની કેદ હોવાથી સદરહુ આક્ષેપિત ગુનો વોરન્ટ ટ્રાયબલ પ્રકારનો હોવાથી સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી

ક્રિ.પ્રો.કોડ, ૧૯૭૩ ના પ્રકરણ ૧૯ (મેજિસ્ટ્રેટ દ્વારા વોરન્ટ કેસની કાર્યવાહી) મુજબ હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, સદરહુ વોરન્ટ ટ્રાયબલ ખાનગી ફરિયાદના કામે ક્રિ.પ્રો.કોડ, ૧૯૭૩ ની કલમ ૨૪૪ મુજબ ફરિયાદપક્ષ દ્વારા ચાર્જનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–:<u>ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ મૌખિક પુરાવો:</u>–**

(૭) સદરહુ કામે ફરિયાદપક્ષ દ્વારા **આંક–૫૭ થી ફરિયાદીશ્રી પ્રવિણચંદ્ર નરસિંહલાલ લાધાવાલા**નો મૌખિક પુરાવો રજુ થયેલ છે. જેઓ તેમની કોર્ટ સમક્ષની સોંગધ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, તેઓ એન્ફોર્સમેન્ટ ડાયરેકટોરેટ, અમદાવાદની ઓફીસમાં સને છેલ્લે ૧૯૯૬ થી ડીસેમ્બર–૨૦૦૫ સુધી નોકરીમાં હતા અને ચીફ એન્ફોર્સમેન્ટ તરીકે નિવૃતિ લીધેલી. સને–૨૦૦૨ ની સાલમાં અમદાવાદ ખાતે તેઓ ચીફ એન્ફોર્સમેન્ટ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા. વધુમાં જણાવે છે કે, એચ.સી. કેમીકલ્સ ગાધીધામમાં છે એની સામે તેઓની ઓફીસ દ્વારા તપાસ થયેલી અને આ કેસમાં તેઓએ આ કોર્ટ સમક્ષ ફોરેન્સ એકસચેન્જ રેગ્યુલેશન એકટ, ૧૯૭૩ ની કલમ–૫૬ હેઠળ ફરીયાદ નોધાવેલી.

(૮) વધુમાં, ફરિયાદીશ્રી પી.એન.લાધાવાલા તેમની સરતપાસમાં જણાવે છે કે, આ ફરીયાદ નોધાવતાં અગાઉ આ કાયદામાં જણાવેલી જોગવાઈ અનુસાર તેઓએ તેમની દિલ્હી ખાતેની હેડ ઓફીસમાંથી મંજુરી મેળવેલી, આ મંજુરી તેઓની હેડઓફીસની દિલ્હી ઓફીસ દ્વારા તારીખ ૩૧/૧/૨૦૦૨ ના પત્રથી તેઓને આપવામાં આવેલી જેમાં હેડઓફીસ ખાતેના ડેપ્યુટી લીગલ એડવાઈઝર ડો.સમસુદીનની સહી છે. જે અસલ સેંકશન ઓર્ડર રજુ કરેલ છે. જેમાં ડો.સમસુદીનની સહી ઓળખી બતાવેલ છે. જે સેંકશન તેઓની ઓફીસમાં તા. ૫/૨/૨૦૦૨ ના રોજ આવેલી અને જેમાં તેઓના ડેપ્યુટી ડાયરેકટર એસ.એન.હળદરનાઓએ રીસીવ કરેલી અને તેમણે તેના

ઉપર તાત્કાલીક ફરીયાદ દાખલ કરો તેવો અંગ્રેજીમાં શેરો કરી પોતાની સહી કરેલી જે શેરાના અક્ષરો અને સહી તેઓ ઓળખી બતાવે છે. જેની નીચે તેઓની કચેરીના આસી.ડાયરેકટર શ્રી ખાનની ટુંકી સહી છે તે ઓળખી બતાવે છે. જે અસલ પત્ર તેઓ રજુ કરે છે. જે તેઓની કચેરીમાં સ્પીડ પોસ્ટથી આવેલ જે આંક–૫૮ થી રજુ કરવામાં આવેલ છે.

(૯) વધુમાં, ફરિયાદીશ્રી પી.એન.લાધાવાલા તેમની સરતપાસમાં જણાવે છે કે, આંક–૫૮ નો પત્ર મળ્યા બાદ તેઓએ એચ.સી કેમીકલ્સ કંપનીને તથા તે કંપનીના એકઝીકયુટીવ ડાયરેકટર શ્રી સેવંતીલાલ શાહને તા. ૬/૨/૨૦૦૨ ના રોજ ઓપોર્ચ્યુટીની નોટીસ આપેલી. જે ઓપોર્ચ્યુનીટી નોટીસમાં મોકલનાર તરીકે ચીફ એન્ફોર્સમેન્ટ ઓફીસર તરીકે તેઓએ મારી સહી કરેલી. જે ઓપોર્ચ્યુનીટી નોટીસ આ કેસના બન્ને આરોપીઓએ ફોરેન્સ એક્ષચેન્જ રેગ્યુલેન્સ એકટના પ્રબંધોનો ભંગ કરેલો તે બાબતે તેમનો ખુલાસો માગેલો. જે ઓપોર્ચ્યુનીટીની નોટીસની ઓફીસ કોપી તેઓએ રજુ કરે છે જેમાં મોકલનાર તરીકે તેઓની સહી છે/ઈસ્યુ કરનાર તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે. જે તેજ નોટીસ છે જેમાં લખેલ હકીકતો સાચી છે જે રજુ આંક –૫૯ (૫૯) થી રજુ કરેલ છે.

(૧૦) વધુમાં, ફરિયાદીશ્રી પી.એન.લાધાવાલા તેમની સરતપાસમાં જણાવે છે કે, આ નોટીસ આરોપીઓને મળી ગયેલ છે. તે નોટીસનો જવાબ તેમના એડવોકેટ શ્રી જે. એસ.અગ્રવાલનાઓએ તા.૧૦/૨/૨૦૦૨ ના રોજ તેઓને મોકલાવેલો. જે તેઓની કચેરીમાં તા.૧૩/૨/૨૦૦૨ ના રોજ મળેલો. જે અસલ જવાબ ઉપર તેઓના ડેપ્યુટી ડાયરેકટર શ્રી એસ.એલ.હળદરની સહી છે અને નીચે તારીખ લખેલી છે જે જવાબ તેમણે તેઓની પાસે મોકલેલો. જે જવાબ વાંચ્યા બાબતે તેઓએ તેમની સહી તા.૧૪/૨/૨૦૦૨ ના રોજ કરેલી. તેઓએ તેમની સહી ઓળખી બતાવેલ છે. જે જવાબ તેઓએ આંક–૬૦ થી રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે,

આરોપીએ જવાબમાં આપેલા ખુલાસા તેઓને સંતોષકારક લાગેલા નથી તે તેઓની દિલ્હી ખાતેની ડાયરેકટોરેટ એન્ફોર્સમેન્ટની કચેરીમાં તેમના કન્સીડરેશન માટે મોકલેલ જે ખુલાસા તેઓની હેડ ઓફીસને પણ યોગ્ય નહી લાગેલા જેથી તેઓની હેડ ઓફીસે તા. ૬/૩/૨૦૦૨ ના રોજ બંને આરોપીઓ સામે ફોરેન એક્ષચેન્જ એકટની કલમ–૫૬ હેઠળ ફરીયાદ દાખલ કરવા સુચના આપેલી જે સુચના ડેપ્યુટી લીગલ એડવાઈઝર શ્રી ટી. કે. ગડુએ મોકલાવેલી અને જે પત્ર તેઓએ લખેલો. આ પત્ર તા.૮/૩/૨૦૦૨ ના રોજ મેળવેલો અને તે બાબતે તેઓએ તેમની સહી લાલઅક્ષરે કરેલી. તેઓએ ટી.કે.ગડુની સહી ઓળખી બતાવી તે પત્ર આંક–૬૧ થી રજુ કરેલ છે.

**(૧૧)** વધુમાં, ફરિયાદીશ્રી પી.એન.લાધાવાલા તેમની સરતપાસમાં જણાવે છે કે, આંક–૬૦ વાળા જવાબ તેઓની કચેરીના આસી. ડાયરેકટરશ્રી એમ.એસ. ખાનનાએ તેમના ફોરવડીંગ લેટર સાથે શ્રી ટી.કે.ગડુને મોકલેલો તે અસલ પત્રની ઓફીસ કોપી રજુ કરેલ છે. જેમાં શ્રી એમ.એસ.ખાનની સહી ઓળખી બતાવી આંક–૬૨ થી રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, એચ.સી.કેમીકલ્સ સામેના જે ફોરેન એક્ષચેન્જ એકટના ભંગ બદલ કેસની તપાસ થયેલી તે કેસમાં તેઓએ જાતે ભાગ ભજવેલો. વધુમાં જણાવે છે કે, આ કેસમાં આરોપી ધ્વારા જે માલ કસ્ટર્ડ ઓઈલ એક્ષ્પોર્ટ કરેલ તેના નાણાં ફોરેન કરન્સીમાં આવવા જોઈએ તેને બદલે રૂપિયાના ચલણમાં બેન્ક મારફતે આવેલા. તેને કારણે ફેરા હેઠળ કાયદાનો ભંગ થયેલ તેથી ફરીયાદ કરેલ આંક –૧ ની ફરીયાદમાં તેઓની સહી છે.

**(૧૨)** વધુમાં, ફરિયાદીશ્રી પી.એન.લાધાવાલા તેમની સરતપાસમાં જણાવે છે કે, મેમર્સ એચ.સી.કેમીકલ્સ ભાગીદારી પેઢી હતી અને એચ.સી.શાહ આરોપી નં. ૨ મુખ્ય ભાગીદાર હતો અને પેઢી ભાગીદાર કચ્છમા આવેલી પેઢી કસ્ટર્ડ ઓઈલ એક્ષ્પોર્ટનો ધંધો કરતી હતી અને આરોપી.નં.૨ મુખ્ય વહીકટકર્તા હોઈ પેઢીમા જવાબદાર વ્યકિત હતા. ડીસેમ્બર ૧૯૯૧ થી સપ્ટે–૧૯૯૩ દરમ્યાન આરોપી પેઢી નં.૧

કુસ્પોલ ઈન્ટરનેશનલ જેક રિપબ્લીકમા આવેલ પેઢી સાથે ફ્રીઓન બોર્ડ સાથે પાંચ કોન્ટ્રાકટ કરેલ જે કોન્ટ્રાકટ કેસ્ટલ ઓઈલના વિકાસ અંગે કરેલ. જેની કુલ કિમત રૂા.એક કરોડ પાંસઠ લાખ અઠઠાણુ હજાર એકસો સાહીઠ હતી. આ બધા એક્ષ્પોર્ટરના પૈસા ફોરેન કરન્સી આવવા જોઈએ તેને બદલે રૂપિયામા આવેલા. અગાઉની તારીખે તેઓએ આપેલ જુબાનીમાં આરોપી પેઢીએ ફ્રીઓન બોર્ડ (એફ.ઓ.બી) સાથે પાંચ કોન્ટ્રેક કરેલ તેની કુલ કિંમત બે કરોડ પાસઠ લાખ અઠઠણુ હજાર એક સો સાહીઠ હતી, જે અગાઉ ની જુબાનીમાં શરતચુકથી એક કરોડ લખાયેલ છે.

(૧૩) વધુમાં, ફરિયાદીશ્રી પી.એન.લાધાવાલા તેમની સરતપાસમાં જણાવે છે કે, આરોપીએ એફ.ઓ.બી કોન્ટ્રાકટ કરેલા તે મેમર્સ પુસપોલ ઈન્ટરનેશનલ, જેક રિપબ્લીક સાથે આ કોન્ટ્રાકટ કરેલા. આ કોન્ટ્રાક પ્રમાણે આ માલ જેક રીકપબ્લીક ખાતે મોકલાવાનો હતો અને તે મુજબના દસ્તાવેજો આરોપી કંપનીએ તૈયાર કરેલા પરંતુ હકીકતમાં અન માલ રોટરડેમ દરીયાઈ પોર્ટ ખાતે ઉતારી દેવામાં આવેલો પરંતુ આરોપી કંપની તરફથી મોકલાવેલ માલ ખરેખર જેક રિપબ્લીકને પહોચ્યો હોય તેવો કોઈ આધાર દસ્તાવેજી પુરાવો આરોપી પેઢીએ રજુ કરેલા નથી. જે દસ્તાવેજી પુરાવામાં કસ્ટમનું લેન્ડીગ સર્ટીફીકેટ જે જેક રિપબ્લીકે આપેલુ હોવુ જોઈએ. તેઓને તેમની મુંબઈની એનફોર્સમેન્ટ ડાયરેકોરેટની ઓફીસના પત્ર ઘ્વારા આ બાબતની જાણ થયેલી હતી. જે પત્ર સાથે રોટરડેમ ખાતે માલ ઉતારાયા અંગેની કસ્ટમની સર્ટીફિકેટ કોપી મોકલવામાં આવેલી હતી તથા સાઉથ ઈન્ડીયા કોર્પોરશન કે જે શીપીંગ એજન્ટ છે તેમના પત્રની કોપી મોકલવામાં આવેલી હતી. તેઓને એક પત્ર બતાવવામાં આવે છે જે પત્ર તેઓની મુંબઈની ઓફીસના ડેપ્યુટી ડાયરેકટર શ્રી એમ. મહેરાએ મોકલાવેલો જે પત્ર તારીખ .... /૫/૧૯૯૪ નો છે અને તે પત્ર આસીસ્ટન્ટ ડાયરેકટરને લખવામાં આવેલો. જે અસલ પત્ર રજુ કરેલ છે જેમાં મહેરા સાહેબ ની સહી છે તે ઓળખી બતાવેલ છે. પત્ર તેઓની ઓફીસમાં તા.૨/૬/૧૯૯૪ ના રોજ મળેલો

તે બાબત ની નોંધ તે પત્ર ઉપર કરેલી છે. જે પત્ર તથા તેની સાથે આવેલા દસ્તાવેજો રજુ કરેલ છે. જે સંયુકત આંક–૭૨ થી રજુ કરેલ છે.

**(૧૪)** વધુમાં, ફરિયાદીશ્રી પી.એન.લાધાવાલા તેમની સરતપાસમાં જણાવે છે કે, તેઓની કચેરીમાં આ પત્ર આવ્યા બાદ આ કેસની તપાસ કરવા બાબતે ફાઈલ શરૂ કરવામાં આવેલી અને આ ફાઈલ તેઓની કચેરીના ઓફીસર એસ.કે ચેટરજીને માર્ક કરવામાં આવેલી અને તેમણે એસ.સી.કેમીકલ્સને તા. ૪/૮/૧૯૯૭ ના રોજ જવાબ આપવા માટે સમન્સ ઈસ્યુ કરેલો, જે સમન્સ મુજબ તા.૧૮/૮/૧૯૯૭ ના રોજ તેમને બોલાવવામાં આવેલા, જે સમન્સ રજી. પો.એ.ડી.થી મોકલવામાં આવેલો જે સમન્સ ની બજવણી એસ.સી.કેમીકલ્સને તા.૭/૮/૧૯૯૭ ના રોજ થયેલી જે સમન્સ ની ઓફીસ કોપી રજુ કરેલ છે તથા સમન્સ મોકલાવ્યા અંગેની એકનોલોઝમેન્ટ સ્લીપ રજુ કરેલ છે. જે અનુક્રમે આંક–૭૩ અને ૭૪ થી રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, સમન્સ મળ્યા પછી આરોપી પેઢીએ મુદત માંગતો ટેલીગ્રામ મોકલેલો છે જે તેઓની ઓફીસમાં તા.૧૮/૮/૧૯૯૭ ના રોજ મળેલો જે અસલ ટેલીગ્રામમાં ટપાલ ખાતાનું ગોળ સીલ છે તથા તેઓની ઓફીસ ને મળ્યા અંગેનો શેરો છે જે અસલ આંક–૭૫ થી રજુ કરેલ છે.

**(૧૫)** વધુમાં, ફરિયાદીશ્રી પી.એન.લાધાવાલા તેમની સરતપાસમાં જણાવે છે કે, ફરીથી શ્રી એસ. કે. ચેટરજીએ આરોપી પેઢીને સ્ટેટમેન્ટ આપવા બાબત તા.૧૯/૮/૧૯૯૭ ના રોજ બીજો સમન્સ મોકલેલો અને તેમને તા.૩/૯/૧૯૯૭ ના રોજ જવાબ આપવા માટે બોલાવેલા પરંતુ આરોપી પેઢી તરફથી ટેલીફોન ઉપર શ્રી એસ.કે.ચેટરજી ને જણાવવામાં આવેલુ કે, તેઓ તા.૩/૯/૧૯૯૭ ના રોજ આવી શકશે નહી અને તેથી એસ.કે.ચેટરજીએ તેમને તા.૧૮/૯/૧૯૯૭ ના રોજ અચુકપણે હાજર રહેવા સુચના આપેલી. આ સમન્સ ની ઓફીસ કોપી ઉપર એસ.કે.ચેટરજીની સહી છે તે તેઓ ઓળખી બતાવે છે. તેમજ આ સમન્સની કોપી ઉપર એસ.કે.ચેટરજીની

ટેલીફોન થયા અંગેની વાતચીત થયા અંગેની નોંધ છે અને નીચે તેમની તા.૨/૯/૧૯૯૭ ની સહી છે. જે આંક–૭૬ થી રજુ છે. વધુમાં જણાવે છે કે, ત્યારબાદ એસ.સી.કેમીકલ્સના મુખ્ય પાર્ટનર સેવંતીલાલ સી.શાહએ તારીખ ૧૮/૯/૧૯૯૭ ના રોજ તેમનો જવાબ આપવા માટે તેઓની કચેરીમાં હાજર થયેલા અને સેવંતીલાલ શાહ ગુજરાતી ભાષા જાણતા હોય તેઓની હાજરીમાં સેવંતીલાલનું નીવેદન એસ.કે.ચેટરજીએ લીધેલ. જે સ્ટેટમેન્ટ ફેરા એકટની કલમ–૪૦ હેઠળ નોંધેલું. જે સ્ટેટમેન્ટ સેવંતીલાલે તેમના હાથ અક્ષરથી લખેલું છે. તેમજ તેમાં તેમને પુછવામાં આવેલ સવાલના જવાબ રૂપે નીવેદન લખેલુ છે. જે અક્ષરો તથા નિવેદન તેઓ ઓળખી બતાવે છે. તે નીવેદનના દરેક પાનામાં સેવંતીલાલે પોતાની સહી કરેલી છે તથા શ્રી એસ.કે.ચેટરજીએ તેઓની હાજરીમાં તેઓની મદદથી આ સ્ટેટમેન્ટ રેકોર્ડ કરવામાં આવેલ છે તેવી તેમના હાથ અક્ષરથી નોંધ કરી તેમની પોતાની સહી કરેલી જે અક્ષરો તથા સહી તેઓ ઓળખી બતાવે છે. જે તેઓની રૂબરૂમાં કરવામાં આવેલ છે. નીવેદન કુલ–૩ પાનામાં લેવામાં આવેલું, જે અસલ નીવેદન તેઓ રજુ કરે છે. જે આંક–૭૭ થી રજુ કરેલ છે.

**(૧૬)** વધુમાં, ફરિયાદીશ્રી પી.એન.લાધાવાલા તેમની સરતપાસમાં જણાવે છે કે, આંક–૭૭ થી રજુ નિવેદન સાથે સેવંતીલાલ સી. શાહ નો પસર્નલ બાયોડેટા તેઓની ઓફીસના ફોરમેટ મુજબ પ્રિસ્ક્રાઈબ ફોર્મમાં સેવંતીલાલ શાહે તેમના સ્વહસ્તાંક્ષરથી લખી દરેક પાના ઉપર પોતાની સહીઓ કરેલી જેની સાથે સને ૧૯૯૬–૯૭ દરમ્યાન જુદા જુદા દેશોમાં કરેલ એક્ષપોર્ટની વિગત દર્શાવતુ સ્ટેટમેન્ટ પોતાની સહી વાળુ રજુ કરેલ જે પ્રિસ્ક્રાઈબ ફોર્મ તથા સ્ટેટમેન્ટ રજુ કરેલ છે. જેના દરેક પાના ઉપર સેવંતીલાલની સહી તથા અક્ષરો તેઓ ઓળખી બતાવે છે અને રજુ કરેલ છે. જે સંયુકત આંક–૭૮ થી રજુ કરેલ છે. જે કુલ –૩ પાનામાં છે. વધુમાં જણાવે છે કે, આ કામે આંક–૭૮ સાથે રજુ કરેલ એક્ષપોર્ટની વિગતો દર્શાવતુ સ્ટેટમેન્ટ તેમણે તેમના

આંક–૭૭ ના સ્ટેટમેન્ટ દરમ્યાન રજુ કરેલુ અને તે આંક–૭૭ ના સ્ટેટમેન્ટનો એક ભાગ તરીકે ગણવામાં આવે. આ નિવેદન દરમ્યાન તેમણે તેમની પેઢી ધ્વારા કુસપુલ ઈન્ટરનેશનલને કેસ્ટર ઓઈલની કરવામાં આવેલી એક્ષપોર્ટના જરૂરી દસ્તાવેજો તેઓની ઓફીસને આપવા માટે બાહેંધરી આપેલી પરંતુ તે સમયે તેવા કોઈ દસ્તાવેજો રજુ કરેલા નહી. વધુમાં જણાવે છે કે, ત્યારબાદ તા. ૨૯/૯/૯૭ ના એક પત્ર સાથે આરોપીએ કેટલાક દસ્તાવેજોની નકલ તેઓની કચેરીને મોકલી આપેલ જે નકલો તા.૩/૧૦/૯૭ ના રોજ તેઓની કચેરીને મલેલ અને જે ફોરવડીંગ લેટરમાં આરોપી નંબર–૨ ની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે તેમજ તેઓની કચેરીના ડેપ્યુટી ડાયરેકટરની સહી છે તેમજ તેઓની કચેરીનો ઈનવર્ડ નંબર નાખેલ છે જે અસલ પત્ર તથા તેની સાથે રજુ થયેલા દસ્તાવેજો રજુ કરેલ છે. જેમાં અસલ પત્ર સાથે તેમણે તેમની પોતાની વિગતો રજુ કરેલ છે અને તે પત્રની સાથેની વિગતો વાળા કોરા કાગળો ઉપર એચ.સી. કેમીકલ્સ વતી સહી કરી આરોપી નંબર–૨ ની સહી છે તે તેઓ ઓળખી બતાવેલ છે. આ દસ્તાવેજો આરોપીએ જે કેસ્ટલ ઓઈલનો નિકાસ કરેલો તેને લગતા દસ્તાવેજો છે જેમાં પ્રથમ માલ નિકાસ કર્યાનું બીલ છે, તે તા.૧૮/૯/૯૩ નું છે તેની સાથે બેંક સર્ટીફીકેટ છે, એક્ષચેન્જ કન્ટ્રોલ ડેકલેરેશન છે, શીપીંગ બીલ છે અને બીલ ઓફ લેડીંગ છે. ત્યારબાદ એચ.સી. કેમીકલ્સ ના જુદા જુદા ચાર ઈનવોઈસ છે જે ચારેય બીલ તારીખ .૨૩/૧૨/૯૧ ના છે અને તેની સાથે એક્ષપોર્ટના બેંક સર્ટીફીકેટો છે જે નકલ ચાર નકલમાં છે તે તમામ સર્ટીફીકેટ ઉપર તા.૨૩/૧૨/૯૧ નાંખવામાં આવેલી છે. જે તમામ સર્ટીફીકેટ બેંક ઓફ ઈન્ડીયા ગાંધીધામના છે તેમજ અન્ય ત્રણ તેની એક્ષચેન્જ કન્ટ્રોલ ડેકલેરેશન છે તેમજ તારીખ ૨૧/૧૨/૯૧ ના કુલ ચાર બીલ ઓફ લેડીંગ તેમજ તા.૨૩/૧૨/૯૧ ની શોર્ટ શીપમેન્ટ નોટીસ છે તેમજ તા. ૨૯/૮/૯૧ ના જુદા જુદા ત્રણ શીપીંગ બીલ છે અને આ શીપીંગ બીલની પાછળ

કંડલા કસ્ટમના અધિકારીનું સર્ટીફીકેટ છે. આ તમામ દસ્તાવેજો જેમાં અસલ પત્ર તથા તેની સાથેના સંલગ્ન ઉપર જણાવ્યા મુજબના દસ્તાવેજોને સંયુકત આંક–૮૫ આપવામાં આવેલ છે.

(૧૭) વધુમાં, ફરિયાદીશ્રી પી.એન.લાઘાવાલા તેમની સરતપાસમાં જણાવે છે કે, ત્યારબાદ આરોપીએ તા.૧૦/૧/૯૮ ના રોજ તેઓની કચેરીના પત્રના અનુસંધાને બીજા અન્ય દસ્તાવેજોની નકલો મોકલી આપેલી જે અસલ પત્ર તેઓની કચેરીને તા.૧૫/૧/૯૮ ના રોજ મળેલો જેમાં તેઓના ડેપ્યુટી ડાયરેકટરની સહી છે જે પત્ર તેઓના ડેપ્યુટી ડાયરેકટરે મોકલેલો તે અંગે તા.૧૬/૧/૯૮ ના રોજ તેઓએ શેરો કરેલો જે અસલ પત્રમાં આરોપી નંબર –ર ની સહી છે તે તેઓ ઓળખી બતાવે છે. આ પત્ર સાથે તેમણે શીપ મારફતે ૪૯ર મેટ્રીક ટન કેસ્ટર ઓઈલ પુસપુલ ઈન્ટરનેશનલ ને એક્ષપોર્ટ કરેલ તે બાબતે કોન્ટ્રાકટની કોપી ઈનવોઈસ નંબર–૧૪ તા.૧૮/૯/૯૩ ની કોપી, શીપીંગ બીલ તા.૩/૯/૯૩ ની કોપી તથા બેંક ઓફ ઈન્ડીયા, ગાંધીધામ ની રીયલાઈઝેશન સર્ટીફીકેટની નકલ મોકલેલી જે અસલ પત્ર તથા તેની સાથેના કાગળો સંયુકત આંક–૮૬ થી રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, તા.ર૩/૩/૯૮ ના રોજ તેઓએ આરોપી નંબર –૧ કંપનીને એક પત્ર લખેલો, તે પત્રમાં તેઓએ તેમની પાસેથી તે પ્રકારનું સર્ટીફીકેટ માંગેલું કે એક્ષપોર્ટ કરવામાં આવેલુ કેસ્ટર ઓઈલ ઝેડ રિપબ્લીક નામની કન્ટ્રીમાં પુસપુલ ઈન્ટરનેશનલને મળેલ છે તે અંગેનો દાખલો માગેલો. જે પત્રની ઓફીસ કોપીમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. તેમા તેઓના હસ્તાક્ષર છે જે આંક –૮૭ થી રજુ કરેલ છે.

(૧૮) વધુમાં, ફરિયાદીશ્રી પી.એન.લાઘાવાલા તેમની સરતપાસમાં જણાવે છે કે,આંક–૮૭ ના પત્રના જવાબમાં તેમણે તા.ર૮/૩/૯૮ ના રોજ તેઓની કચેરીમાં જવાબ મોકલેલો અને તેની સાથે તેમણે પુસપુલ ઈન્ટરનેશનલના લેટરહેડ લેન્ડીંગ સર્ટીફીકેટ મોકલી આપેલ જે સર્ટીફીકેટ નીચે ટ્રુ કોપી એસ્ટેડ કરી આરોપી નંબર–ર એ ફોર

એચ.સી.કેમીકલ્સ નો સીકકો મારી તા. ૨૮/૩/૯૮ ના રોજ પોતાની સહી કરેલી જે અસલ સહી તેઓ ઓળખી બતાવે છે તેમજ ફોરવર્ડીંગ લેટરની નીચે પણ તેમની સહી છે તે હું ઓળખી બતાવેલ છે જે આંક– ૮૮ અને આંક–૮૯ થી રજુ કરેલ છે. તે બાબતે તમારે કાંઈ કહેવું છે?

(૧૯) વધુમાં, ફરિયાદીશ્રી પી.એન.લાઘાવાલા તેમની સરતપાસમાં જણાવે છે કે, આંક–૮૨ ના લેન્ડીંગ સર્ટીફીકેટ માં ૪૯૨–મેટ્રીક ટન કેસ્ટર ઓઈલ ઝેડ રિપબ્લીકમાં દાખલ થયાનું સર્ટીફીકેટ પુસપુલ ઈન્ટરનેશનલ ધ્વારા આપવામાં આવેલુ છે અને ઝેડ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝએ તેની ઉપર સીન(જોયા અંગેનો) શેરો મારેલો છે. આમ આરોપીએ કેસ્ટર ઓઈલનું એક્ષપોર્ટ કરી કઈ જગ્યાએ પહોચાડેલુ તેનો કોઈ આઘાર પુરાવો રજુ કરેલો નથી. વધુમાં જણાવે છે કે, તા.૮/૫/૯૮ ના રોજ તેઓએ કંપનીને એક પત્ર મોકલેલો જે પત્રમાં તેઓએ તેમની પાસેથી ઝેડ રીપબ્લીક ના કસ્ટમ ઓથોરીટી અથવા ગર્વમેન્ટ ઓથોરીટી ધ્વારા આપવામાં આવેલા સર્ટીફીકેટ ની માંગણી કરેલી જે પત્રની ઓફીસ કોપીમાં તેઓની અસલ સહી છે તેમજ તેઓની કચેરીનું સીલ છે જે ઓળખી બતાવેલ છે. જે રજુ આંક –૯૦ થી રજુ કરેલ છે. સદર પત્રના જવાબમાં આરોપીએ તા.૧૪/૫/૯૮ ના રોજ તેઓની કચેરીમાં એક પત્ર મોકલેલો જે પત્ર તા.૧૯/૫/૯૮ ના રોજ તેઓની કચેરીમાં મળેલો તેમજ તે પત્ર ઉપર તા. ૧/૬/૯૮ ના રોજ તેઓને મળ્યા અંગેનો તેઓએ તેમની ટુંકી સહી કરેલી છે જે અસલ પત્રમાં આરોપી કંપનીના ભાગીદાર કુશલ એચ.પારેખ ની સહી છે અને તેમાં તેમણે એમ કહેલુ છે કે અમે મોકલેલ લેન્ડીંગ સર્ટીફીકેટમાં માત્ર ખરીદનાર જ નહી પણ ઝેડ ચેમ્બર ઓફ કોમર્સ કે જે જેકોસ્લાવીયાની માન્ય સંસ્થા છે તેની પણ સહી છે અને આ સીવાય તેમની પાસે અન્ય કોઈ પુરવા નથી જે અસલ પત્ર આંક–૯૧ થી રજુ કરેલ છે.

**(૨૦)** વધુમાં, ફરિયાદીશ્રી પી.એન.લાધાવાલા તેમની સરતપાસમાં જણાવે છે કે, તા. ૨૪/૭/૯૮ નો એક પત્ર તેઓએ તેમની સહી હેઠળ આરોપી કંપનીને લખેલો જેમાં તેમણે તેઓએ જણાવેલુ કે, કુલ્લે ૭૦૧૨ કે.જી.નું કેસ્ટર ઓઈલ શીપ કર્યાનું જણાય છે જે એસ.એસ.બહા શીપ મારફતે કંડલા થી રોડરડેમ માટેનું હતું અને રોટરડેમ ખાતે આ બધો માલ ઉતરી ગયાનું રોટરડેમ કસ્ટમ્સ ના સર્ટીફીકેટ તા.૨/૧૨/૯૩ નું સાથે સુપ્રત કરેલ તેમ જણાય છે. જે સર્ટીફીકેટની નકલ જે પત્ર સાથે તેઓએ મોકલેલ જે પત્ર ની ઓફીસ કોપીમાં તેઓની અસલ સહી છે તેમજ હસ્તાક્ષરો તેઓના છે જે તેઓએ આંક-૯૨ થી રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, આંક-૯૨ ના આ પત્ર ધ્વારા કંપની પાસે એકચ્યુલ સ્થળની વિગતો માંગેલી. જેના જવાબ આ આરોપી કંપનીએ તા.૨૯/૭/૯૮ ના રોજનો પત્ર આરોપી કંપની તરફથી તેઓને મળેલો જે પત્ર તેઓની કચેરીમાં તા.૩/૮/૯૮ ના રોજ મળેલો જે પત્રમાં આરોપી નંબર-૨ ની સહી છે તે તેઓ ઓળખી બતાવે છે જે પત્રમાં તેમણે રોટરડેમ ખાતે માલ ઉતાર્યાનું સ્થળ રોટરડેમ જણાવેલુ જે અસલ પત્ર આંક-૯૩ થી રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, ત્યારબાદ ૧૦/૯/૯૮ ના રોજ બેંક ઓફ ઈન્ડીયા, ગાંધીધામ ના મેનેજરને એક પત્ર લખેલો જે પત્રમાં બેંકમાં તેઓએ પુછાવેલુ કે આ પત્રમા બતાવેલા જી. આર નંબર હેઠળ એક્ષપોર્ટ ની રકમો બેંકને મળી છે તે રકમ કન્વર્ટીબલ ભારતીય ચલણમાં આવી છે કે કેમ, આ પત્રની ઓફીસ કોપીમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. તેમાં હસ્તાક્ષર તેઓના છે જે આંક-૯૪ થી રજુ કરેલ છે.

**(૨૧)** વધુમાં, ફરિયાદીશ્રી પી.એન.લાધાવાલા તેમની સરતપાસમાં જણાવે છે કે, આંક-૯૪ ના પત્ર મુજબ ખરેખર બેંકને આ એક્ષપોર્ટના પ્રોસીડસ ભારત સરકારને વિદેશી ચલણમાં મળેલા છે કે કેમ તેની માહીતી માંગેલી. ત્યાર બાદ સદર પત્રના જવાબમાં તા.૨૨/૯/૯૮ ના રોજ બેંક ઓફ ઈન્ડીયાનો એક પત્ર તેઓની

પાસે આવેલો જે પત્ર તા.૨૯/૯/૯૮ ના રોજ ઈનવર્ડ નંબર ૨૭૦૯ થી તેઓની કચેરીમાં આવેલો જે પત્રમાં પત્ર મળ્યા અંગે તેઓની સહી છે જે સહી તેઓએ તા. ૨૮/૯/૯૮ ના રોજ કરી તેઓના ઈનવર્ડ સેકશનમાં ઈનવર્ડ કરવા માટે મોકલેલી. બેંક તેઓની પાસેથી જી.આર.કયા વર્ષના છે તેની માહિતી માગેલી જે અસલ પત્ર આંક– ૯૫ થી રજુ છે. જેથી તેઓએ બેંક ઓફ ઈન્ડીયા, ગાંધીધામ શાખાના મેનેજરને એક પત્ર મોકલેલો જે પત્ર તા.૬/૧૦/૯૮ નો પત્ર મોકલેલો તે પત્રમાં તેઓએ આરોપી તરફથી મળેલ એક્ષપોર્ટ રીયલાઈઝેશન સર્ટીફીકેટ કે જે બેંક ઓફ ઈન્ડીયાને આપેલ હતા તેની નકલ તેમના જાણ માટે મોકલી આપેલી. તથા તેઓના પત્રના જવાબ આપવા તેમને જણાવેલુ જે પત્ર ની ઓફીસ કોપીમાં તેઓની સહી છે અને તેમના ખાતાનુ સીલ છે તે પત્ર રજુ આક –૯૬ થી રજુ કરવામાં આવેલ છે. વધુમાં જણાવે છે કે, સદરપત્રનું રીમાઈન્ડર તેઓએ તા.૧૦/૧૨/૯૮ ના રોજ તેઓએ બેંક ઓફ ઈન્ડીયા ગાંધીધામને મોકલાવેલ, જે રીમાઈન્ડરની ઓફીસ કોપીમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે અને તે તેઓના હાથ હસ્તાક્ષરમાં છે જે આંક –૯૭ થી રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, તેઓના પત્રનો જવાબ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા તા.૨૧/૧૨/૯૮ ના રોજ આપેલો જે તેઓની ઓફીસને તા.૨૪/૧૨/૯૮ ના રોજ મળેલો છે જે પત્ર મળ્યા અંગે ડેપ્યુટી ડાયરેકટરની સહી છે જે ઓળખી બતાવેલ છે. આ પત્ર દ્વારા બેંકે શીપમેનનું ડેસ્ટીનેશન રોટરડેમ છે અને પ્રહા નથી તેવુ કન્ફર્મ કરેલુ અને એમ પણ કહેલુ કે આ બધા શીપમેનના નાણાં ફકત ઈન્ડીયન કરન્સીમાં આવેલા છે. જે અસલ પત્ર આંક–૯૮ થી રજુ કરેલ છે.

**(૨૨)** વધુમાં, ફરિયાદીશ્રી પી.એન.લાધાવાલા તેમની સરતપાસમાં જણાવે છે કે, આંક–૯૮ ના જવાબ ઉપરથી એમ જણાય છે કે, આરોપીએ બેંક મારફતે જે નાણાં એક્ષપોર્ટ પેટે મેળવેલા છે તે માત્ર ઈન્ડીયન રૂપીસમાં આવેલા છે અને વિદેશી ચલણમાં

તે કન્વર્ટ થઈ શકે તે પ્રકારે નથી. કારણ કે તેઓના મત મુજબ એક્ષપોર્ટ કરેલ માલ જે ઝેડરિપબ્લીક માટેનો હતો તે ત્યાં ખરેખર પહોચ્યો ન હતો અને તેથી બેંક મારફતે મળેલા નાણાં વિદેશી ચલણમાં કન્વર્ટ કરી શકાય તેવા જ હોવા જોઈતા હતા જે રીઝર્વ બેકના નિયમ મુજબનો ભંગ થતો હોવાનુ ફલીત થાય છે. વધુમાં જણાવે છે કે, આથી આરોપીને તા. ૨૫/૨/૯૯ ના રોજ એક સમન્સ તેઓની સહી હેઠળ મોકલવામાં આવેલો, અને તા.૧૦/૩/૯૯ ના રોજ હાજર રહેવા માટે સુચના આપેલી તથા તેમણે આ સમન્સ શીડયુલ મુજબના કાગળો રજુ કરવા માટે પણ જણાવવામાં આવેલું જેમાં મોકલેલ માલ ખરેખર પ્રહા પહોચેલો છે તે બાબતનો દસ્તાવેજ માંગવામાં આવેલો તથા બીજા એક્ષપોર્ટ ડોકયુમેન્ટ માંગવામાં આવેલા જે સમન્સની ઓફીસ કોપીમાં તેઓની સહી તથા તેઓનું સીલ છે જે ઓળખી બતાવેલ છે. આંક -૧૦૧ થી રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, આ સમન્સ આરોપી નંબર-૨ ને મળતા તેના જવાબમાં તેમણે રૂબરૂમાં આવવાને બદલે તા.૩/૩/૯૯ ના એક પત્ર તેઓની ઓફીસને મોકલી આપેલો. જે હેઠળ તેમણે સમન્સ માંગ્યા પૈકીના ડોકયુમેન્ટ મોકલેલા, અને જણાવેલુ કે, તેમણે પ્રહા માલ પહોચ્યો તે અંગેનુ સર્ટીફીકેટ અગાઉ રજુ કરેલ છે પણ આ ડોકયુમેન્ટ ફરીથી મોકલી રહયા છે. આ પત્ર તેઓની ઓફીસમાં તા.૮/૩/૯૯ ના રોજ મળેલો જેના ઉપર તેઓની ઓફીસના આસી. ડાયરેકટર સાહેબની સહી છે અને તેઓને માર્ક કરેલ છે તથા તે પત્રમાં તેઓએ તા.૯/૩/૯૯ ના રોજ તેઓની સહી કરેલ છે અને મોકલનાર તરીકે એસ.સી. શાહ એટલે કે આરોપી નંબર-૨ ની સહી છે જે તેઓ ઓળખે છે જે પત્ર સાથે આરોપીએ કુલ ચાર દસ્તાવેજોની ઝેરોક્ષ નકલો મોકલી આપેલી તે અસલ પત્ર તથા તેમણે મોકલાવેલ નકલ પત્ર સાથે રજુ કરેલ છે. જે પત્ર તથા દસ્તાવેજોને સંયુકત આંક-૧૦૨ આપવામાં આવેલ છે.

**(૨૩)** વધુમાં, ફરિયાદીશ્રી પી.એન.લાધાવાલા તેમની સરતપાસમાં જણાવે છે કે, આરોપી નંબર–ર તરફથી મોકલાવેલ પત્ર આંક –૧૦ર વાળો પત્ર તા. ૩/૩/૯૯ ના રોજ મળેલો તે પત્રમાં જે લેન્ડીંગ સર્ટીફીકેટ (આંક–૧૦ર સાથે જોડેલ લેન્ડીંગ સર્ટીફીકેટ) હતુ તે બાબતે વધુ ખુલાસાની જરૂરત હોવાથી તા.૧૦/૩/૯૯ ના રોજ એક પત્ર આરોપી નંબર–ર ને રજીસ્ટર્ડ પોસ્ટ તેઓની સહી તથા સીકકા અને ઓફીસ સીલ લગાવીને મોકલેલ જેમાં આરોપી નંબર–ર ને તા. રર/૩/૯૯ ના રોજ બપોરે ર–૩૦ કલાકે રૂબરૂ હાજર થવા સુચના આપવામાં આવેલી અને એમ જણાવવામાં આવેલુ કે મારા આ પત્ર ને ફેરા ની કલમ–૪૦ હેઠળ ના સમન્સ ની જેમ ગણવો. જે પત્ર ની ઓફીસ કોપીમાં તેઓની અસલ સહી છે તેમાં સ્ટેમ્પ અને સીલ છે તે પત્ર આંક –૧૦૩ થી રજુ છે.

**(૨૪)** વધુમાં, ફરિયાદીશ્રી પી.એન.લાધાવાલા તેમની સરતપાસમાં જણાવે છે કે, આંક–૧૦૩ ના પત્ર હેઠળ આરોપીને બોલાવવામાં આવેલ પરંતુ તેઓ તેમાં જણાવ્યા મુજબની તારીખ રર/૩/૯૯ ના રોજ રૂબરૂ હાજર ન થતા તા. ર૬/૩/૯૯ ના રોજ તેઓની સહી તથા સીકકા હેઠળનો એક સમન્સ આરોપી નં.–ર ને મોકલવામાં આવેલો જેમાં તેમને તા.પ/૪/૯૯ ના રોજ બપોરે ર–૦૦ વાગે રૂબરૂ હાજર થવા સુચના આપવામાં આવેલી તથા એક્ષપોર્ટ કરવામા આવેલ કેસ્ટર ઓઈલ પ્રહામાં દાખલ થયા અંગેનો કસ્ટમ કલીયરન્સનો દાખલો રજુ કરવા જણાવવામાં આવેલું જે સમન્સ ની ઓફીસ કોપીમાં તેઓની સહી તથા સીલ છે તે આંક –૧૦૪ થી રજુ કરેલ છે.

**(૨૫)** વધુમાં, ફરિયાદીશ્રી પી.એન.લાધાવાલા તેમની સરતપાસમાં જણાવે છે કે, આંક–૧૦૪ ના સમન્સના જવાબમાં આરોપી નંબર –ર ની સહી હેઠળ તા.૧/૪/૯૯ નો પત્ર આરોપી નંબર–૧ ના લેટરહેડ માં મોકલવામાં આવેલો જે તેઓની ઓફીસમાં તા.પ/૪/૯૯ ના રોજ મળેલો જેના ઉપર તેઓની ઓફીસના ડેપ્યુટી

ડાયરેકટર સાહેબની સહી છે તથા તપાસ અધિકારી એવું ટૂંકમાં લખેલ છે જે પત્ર તા.૬/૪/૯૯ ના રોજ ઓફીસના ઈન્વર્ડ રજીસ્ટરમાં નંબર–૪૪ હેઠળ નોધાયેલો અને ત્યારબાદ તેઓને મળેલો. આ પત્રમાં આરોપી નંબર–૨ નાએ જણાવેલુ કે, પુસપુલ ઈન્ટરનેશનલ પ્રહાને મોકલવામા આવેલ માલ નિયમ મુજબ એક્ષપોર્ટ થયેલ અને તેનુ પેમેન્ટ પણ મળી ગયેલ છે. વધુમાં તેમણે જણાવેલુ કે, અમારો કોન્ટ્રકટ ઓ.ઓ.બી. કંડલા પોર્ટનો હતો અને શીપની એરેન્જમેન્ટ ખરીદનાર ધ્વારા કંડલા પોર્ટ ખાતે કરવામાં આવેલી જેમાં અમોએ માલ ભરી આપેલો તેથી શીપ નીકળ્યા પછીની વધુ વિગત વિશે અમને કોઈ જાણકારી નથી, જો અમોએ આ માલ સી.એન.એફ અથવા સી.આઈ.એફ. મોકલેલ હોય તો અમને તેના વિશે ની વધુ માહિતી હોય. આ પત્રમાં આરોપી નંબર–૨ ની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે પત્ર આંક–૧૦૫ થી રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, આંક–૧૦૫ નો પત્ર મલ્યા બાદ તેઓને એવુ લાગેલુ કે હવે આ બાબતે આરોપી પાસે વધુ કોઈ ખુલાસાની આવશ્યકતા નથી અને તેમણે ફોરેન એક્ષચેન્જ રેગ્યુલેશન એકટનો ભંગ કરેલો છે અને તે બાબતે તેમની સામે કાર્યવાહી કરવી જોઈએ અને તે સંજોગોમાં અગાઉ જણાવ્યા મુજબની કાર્યવાહી કર્યા બાદ નામદાર કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ છે.

**(૨૬)** વધુમાં, બચાવપક્ષના વકીલશ્રી ભરતભાઈ બી. શાહનાઓ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરિયાદીશ્રી જણાવે છે કે, એ વાત ખરી છે કે, કોઈપણ પ્રોસિકયુશન કરતા અગાઉ કોમ્પીટન્ટ ઓર્થોરીટીની મંજુરી લેવી પડે. એ વાત ખરી છે કે, આંક–૬૧ ના પત્રમાં કોઈપણ જગ્યાએ એવુ દર્શાવેલ નથી કે આની સાથે સેંકશનનો લેટર રજુ કરેલો છે. વધુમાં જણાવેલ છે કે, આ કેસમાં તપાસ તેઓની સમક્ષ થયેલી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, તપાસનો ફર્સ્ટ સ્ટેજ પુરૂ થઈ ગયા પછી તેઓની નિમણુક તપાસ અધિકારી તરીકે થયેલી. ઓપોર્ચ્યુનીટીની નોટીસ

તેઓએ આપેલી. આરોપી નં.૨ એટલે કે સેવંતીલાલ સી.શાહ ના તેઓની ઓફીસમાં નોંધવામાં આવેલા નિવેદન મુજબ આ પેઢી એસ.સી.કેમીકલ્સ પાર્ટનરશીપ ફર્મ હતી. જેમાં ૧૪ ભાગીદારો હતા. એ વાત ખરી છે કે, ઓપોર્ચ્યુનીટીની નોટીસનો આંક-૬૦ થી જવાબ આપવામાં આવેલ છે. અપીલ થયેલી તેનો શું નિર્ણય આવેલો તેની તેઓને ખબર નથી. આંક-૬૦ થી આપેલો જવાબ સંતોષકારક નથી તેવું તેઓએ કંપનીને જણાવેલું નથી. વધુમાં જણાવે છે કે, ટ્રાઝીટ રૂટ કયો હતો તે કંપનીના નિકાસના દસ્તાવેજોમાં જ છે. આંક-૭૮ સાથે રજુ પાન નં.૭૨ ઉપરની ઈનવોઈસ ઉપર પોર્ટ ઓફ ડીસ્ચાર્જ તરીકે રોટરડેમ આઈ.ટી.ટી. અને ફાઈનલ ડેસ્ટીનેશન જેક રિપબ્લીક દર્શાવેલુ છે જે આનો રૂટ છે. રોટરડેમ નેધરલેન્ડ દેશમાં આવેલુ છે. પ્રહા જે જેક રિપબ્લીક દેશમાં આવેલું છે. જેક રિપબ્લીક જમીનથી જોડાયેલો દેશ છે. આ કારણસર લેન્ડ લોક દેશ કહેવાય તેવું તેઓને ખબર નથી. રોટરડેમ હાર્ડ કરન્સીનો દેશ છે એટલે કે ત્યાંથી જો કોઈ એક્ષપોર્ટનું પેમેન્ટ આવે તો તે વિદેશી ચલણના રૂપમાં આવવું જોઈએ. એ વાત ખરી નથી કે, એસ.સી.કેમીકલ્સને એક્ષપોર્ટ પેટેના પેમેન્ટ કેવી રીતે મળેલા તેની તેઓએ તપાસ કરેલી નહિ. એસ.સી.કેમીકલ્સને કયાંથી પેમેન્ટ મળેલુ તે અંગેની તપાસ બેન્ક પાસે કરેલી. વધુમાં જણાવે છે કે, બેન્કે એવુ જણાવેલુ કે તેઓને એક્ષપોર્ટ પેટેના પેમેન્ટ ભારતીય ચલણમાં મળેલા છે. તેઓને યાદ નથી કે, બેંકને નાણાં ઉષપોલ ઈન્ટરનેશનલ પ્રહા તરફથી એક્ષપોર્ટ પેમેન્ટના આપવામાં આવેલા.

(૨૭) વધુમાં, બચાવપક્ષના વકીલશ્રી ઘ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરિયાદીશ્રી જણાવે છે કે, એ વાત ખરી છે કે, પોર્ટ ઘ્વારા માલ મુંબઈ કોલકાતાથી અમદાવાદ આવી શકે. એ વાત ખરી છે કે, તપાસ દરમ્યાન તેઓએ જે ઓબ્ઝર્વેશન કરેલા તેની નકલ એસ.સી.કેમીકલ્સ કે તેના પ્રતિનિધિને આપેલી. એ વાત ખરી છે કે, તેઓની ઓફીસે કન્સીડરેશન કરેલી તેની નકલ પણ એસ.સી.કેમીકલ્સ કે તેના

પ્રતિનિધિને આપેલી. એ વાત ખરી નથી કે, તેઓની ઓફીસે કોઈ વળતો કાગળ લખેલો નથી. તેઓને ખબર નથી કે, પોર્ટ પર માલ ઉતરે તો કોપી ઓફ રૂલીંગ, સ્ટેમ્પ કેરીયર કોપી રજુ કરવુ પડે કે કેમ, તેઓને ખબર નથી કે, ઈન્ટરનેશનલ રેલ્વેમાં માલ લાવેલ હોય તો સી.આઈ.એમ. સર્ટી. રજુ કરવાનું હોય છે. એ વાત ખરી છ કે, ઉપરોકત દસ્તાવેજો તેઓએ તપાસ સમયે જોયા નથી. વધુમાં જણાવે છે કે, ભારતનું ચલણ રૂપિયામાં હોય છે. તેઓને ખબર નથી કે, Czech Republic નું ચલણ શેમાં છે. એ વાત ખરી છ કે, ભારત અને Czech એ By-Lateral (બે–પક્ષીય) Rupee Trading Country છે. એ વાત ખરી છે કે, આ અંગે આર.બી.આઈ. નું જાહેરનામું છે. એ વાત ખરી છે કે, એ જાહેરનામા મુજબ By-Lateral Rupee Trading Country વાળા દેશો એક્ષપોર્ટની સામે પેમેન્ટ Rupee માં કરી શકે. એ વાત ખરી છે કે, Chamber of Commerce માન્ય છે તેવી તેઓએ તપાસ કરેલી નહિ. એ વાત ખરી છે કે, Aospool એ કઈ બેન્ક ધ્વારા પેમેન્ટ કરેલુ તેની ખબર નથી. એ વાત ખરી છે કે, નાણાંની ચુકવણી બેન્ક મારફતે અને રૂપિયામાં થયેલી.

(૨૮) વધુમાં, બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરિયાદીશ્રી જણાવે છે કે, એ વાત ખરી નથી કે, Appellate Tribunal એ Proceedings રદ કરેલા છે. તેઓને યાદ નથી કે, એસ.સી.કેમીકલ્સ ઉપર લાદેલો કર અને સેંવતીલાલને કરેલી પેનલ્ટી રદ કરેલી છે. એ વાત ખરી છે કે, તેઓએ અપીલના કાગળો વાંચ્યા નથી. એ વાત ખરી છે કે, અપીલમાં કયા દસ્તાવેજો રજુ થયેલા તેની તેઓને ખબર નથી. તેઓને ખબર નથી કે, તેઓની સમક્ષ એસ.સી.કેમીકલ્સના જે દસ્તાવેજો રજુ થયેલા તે જ અપીલમાં પણ રજુ થયેલા. તેઓની જાણમાં નથી કે, અપીલમાં આરોપીઓ વિરૂધ્ધ કેસ બનતો નથી તેવું જણાવેલું. સને મે–૨૦૦૨ ના અંતે ફેરા એકટ રીપીલ થયેલો. એ વાત ખરી નથી કે, તેઓએ જે ચાર્જ બતાવેલો તેને

Non-Prosecutable નવા સુધારા મુજબ બનાવેલો. ફરિયાદ કરવી હોય તો Departmental Procedure ને ધ્યાને લઈને કરવાની થાય છે. વધુમાં જણાવે છે કે, માલનું Landing Destination- Sea-Port Rotardam નું હતુ અને માલ પણ રોટરડેમ લેન્ડ થયેલો હતો. રોટરડેમ Netherland માં આવેલું છે. આ બધો એક્ષપોર્ટનો માલ F.O.B. Contract થી એક્ષપોર્ટ થયેલો. આ બધો માલ ઓફલોડ રોટરડેમમાં થયેલો. આરોપી સંસ્થાએ લેન્ડીંગ સર્ટી. તેઓની સમક્ષ રજુ કરેલુ નથી. તેઓને આંક–૮૨ બતાવવામાં આવતા તે જોઈને કહે છે કે, તે લેન્ડીંગ સર્ટી. નથી. એ વાત ખરી છે કે, તેઓએ એસ.સી.કેમીકલ્સના ભાગીદાર સેવંતીલાલનું સ્ટેટમેન્ટ લીધેલું. ફેરાની કલમ ૪૦ માં તેની જોગવાઈ છે. એ વાત ખરી છે કે, સ્ટેટમેન્ટનો કોઈ પરફોમા નથી. વધુમાં જણાવે છે કે, C.E.O. એટલે Chief Enforcement Officer. સ્ટેટમેન્ટમાં સહી CEO એ કરેલી નથી. માર્જીનમાં "BEFORE ME WITH PROPER GUIDANCE OF SHRI LADHAVALA" તેમ લખેલું છે. એ વાત ખરી છે કે, તેમાં Enforcement Officer(E.O.) ની સહી છે. તેઓને આંક–૭૮ ના પાના નં.૧૬, ૧૭, ૧૮ બતાવવામાં આવે છે તેમાં તેઓનું endorsement કે તેઓની સહી નથી. એ વાત ખરી છે કે, એન્ફોર્સમેન્ટ ઓફીસર તેઓની ઓફીસના જ હોય છે. એ વાત ખરી છે કે, તેઓએ લેન્ડીંગ સર્ટી. તથા Bank Ralisation Certificate દસ્તાવેજોની ચકાસણી કરેલી નહિ. તેઓને યાદ નથી કે, આ એક્ષપોર્ટ કયા સમયગાળા દરમ્યાનનું છે.

**(૨૯)** ક્રિ.પ્રો.કોડ, ૧૯૭૩ ની કલમ ૨૪૫ અન્વયે ફરિયાદપક્ષે ઉપર મુજબનો ચાર્જનો પુરાવો રજુ થયા બાદ આંક–૧૪૬ થી તા.૧૭/૩/૨૦૧૮ ના રોજ ચાર્જના પુરાવા બંધની પુરસીસ રજુ થયા બાદ બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા આંક–૧૪૭ થી તા.૧/૫/૨૦૧૮ ના રોજ ચાર્જની દલીલો રજુ થયા બાદ અદાલત ધ્વારા આરોપીઓ સામે ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૧૮(૨), ૧૮(૩) અને કલમ

૬૮ મુજબ શિક્ષાપાત્ર ગુનાનું તહોમતનામું ફરમાવવા તા.૩/૬/૨૦૨૪ ના રોજ હુકમ કરવામાં આવેલ છે અને જે હુકમ મુજબ આંક–૧૬૭ થી તા.૨૦/૧૧/૨૦૨૪ ના રોજ આરોપીઓ સામે તહોમતનામું ઘડી તેઓની પ્લી રેકર્ડ કરવામાં આવતા આરોપીએ તેમની સામેના આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરતા સદરહુ કામ ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪૬(૪) અન્વયે ફરિયાદપક્ષના સાક્ષીની વધુ ઉલટતપાસ માટે રાખતા આરોપી તરફેના વિ.વ.શ્રી દ્વારા આંક–૧૬૯ થી તા.૨૦/૧૧/૨૦૨૪ ના રોજ લેખિત પુરસીસ રજુ કરી બચાવપક્ષ તે ફરિયાદપક્ષના સાહેદોની વધુ ઉલટતપાસ લેવા માં ગતા નહિ હોવાનું લેખિતમાં જાહેર કરતા ફરિયાદપક્ષે આ કામે આંક–૧૭૧ થી તા.૨/૮/૨૦૨૫ ના રોજ પુરાવા બંધ પુરસીસ રજુ કરેલ છે. આમ, હાલની ફરિયાદના કામે ફરિયાદપક્ષ દ્વારા આંક–૫૭ થી ફરિયાદીનો મૌખિક પુરાવો રજુ કર્યા સિવાય અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી.

(૩૦) સદર કામે **ક્રિ.પ્રો.કોડ, ૧૯૭૩ ની કલમ ૩૧૩** અન્વયે આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવતા આ કામના આરોપી દ્વારા તેમના વધારાના નિવેદનમાં ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓનો ઈન્કાર કરી તેઓ સોગંદ ઉપર જુબાની આપવા માંગે છે તેમ જણાવી, વિશેષમાં જણાવેલ છે કે બાય લેટરલ કન્ટ્રી કરાર અન્વયે રૂપિયામાં ચુકવણી સ્વીકારી શકાતી હતી તેથી કોઈ ગુનો કરેલ નથી. આર.બી.આઈ.ના નિયમોનો પણ કોઈ ભંગ કરેલ નથી.

(૩૧) વધુમાં, બચાવપક્ષ તરફે આ કામે **આંક–૧૭૨ થી આરોપી નં.૨ સેવંતીલાલ ચીમનલાલ શાહ**નો મૌખિક પુરાવો રજુ થયેલ છે. બચાવપક્ષના વિ.વ.શ્રી બી.બી.શાહ નાઓ દ્વારા લેવામાં આવેલ સરતપાસમાં આરોપી નં.૨ જણાવે છે કે, હાલ તેઓ કોઈ આર્થીક પ્રવૃતિ કરતા નથી. અગાઉ તેઓ કંડલા ફ્રી ટ્રેડ ઝોનમાં ફેકટરી ચલાવતા હતા. જે ફેકટરીનું નામ એસ.સી. કેમીકલ્સ હતું. આ ભાગીદારી પેઢી હતી અને તેમાં ૧૪ ભાગીદારો હતા. તેઓની ફેકટરીમાં ગુજરાતમાંથી એરંડા ખરીદ કરી તેનું દિવેલ બનાવી

૧૦૦ ટકા તેનું એક્ષપોર્ટ કરવામાં આવતું હતું. વધુમાં જણાવે છે કે, સને–૧૯૯૧ અને ૧૯૯૩ દરમ્યાન તેઓનું આ કારખાનું ચાલુ હતુ. આ સમયગાળા દરમ્યાન તેઓ માલનો ૧૦૦ ટકા એક્ષપોર્ટ કરેલ હતો. તેઓ આ માલ અમેરીકા, ચીન અને રશીયામાં મોકલતા હતા અને બીજા દેશોમાં પણ થોડો થોડો માલ મોકલતા હતા. તેઓ ઝેકોસ્લાવીયામાં પણ માલ મોકલેલ હતો. તેઓ બી.એસ.એસ.ગ્રેડનો માલ ઝેકોસ્લાવીયામાં મોકલેલો. ઝેકોસ્લાવીયાની કંપનીનો તેઓના ઉપર ફોન આવેલ અને ત્યારબાદ તેઓએ તેમને માલ મોકલેલો. જે બાબતે તેઓએ લેખિતમાં કરાર કરેલો. વધુમાં જણાવે છે કે, તેઓ એક્ષ્પોર્ટ કરવાનો માલ શીપ મારફતે મોકલતા હતા. તેઓએ કઈ કંપની મારફતે શીપમેન્ટ કરાવેલું તે હાલ તેઓને યાદ નથી. શીપમાં માલ આપવાનો હોય ત્યારે એક્ષપોર્ટના ડોકયુમેન્ટ આપવા પડે તેમજ શીપીંગ બીલ બનાવી કસ્ટમની મંજુરી લેવી પડે છે. શીપમેન્ટ કરતા અગાઉ એલ.સી.(લેટર ઓફ ક્રેડીટ) બેન્કમાંથી છોડાવવું પડે. તેઓ બેન્કમાં ડોકયુમેન્ટ આપે એટલે તેઓને પૈસા મળી જાય છે. તેઓની પહેલા બેન્ક ઓફ ઈન્ડીયા હતી અને ત્યારબાદ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા હતી. આ બેન્કો નેશનલાઈઝ બેન્કો હતી. વધુમાં જણાવે છે કે, શીપમેન્ટના બીલમાં જયાં માલ મોકલવાનો હોય તેની વિગત દર્શાવવી પડે છે. તેઓએ જયાં માલ મોકલેલો ત્યાં પોર્ટ હતુ કે નહિ તે હાલ તેઓને યાદ નથી. તેઓ એલ.સી.માં લખ્યા મુજબ માલ મોકલેલો તે સિવાય તેઓને બીજું કાંઈ યાદ નથી. એ વાત તેઓ કહી શકે નહિ કે, નજીકના પોર્ટ ઉપર માલ લેન્ડીંગ થાય છે. આ માલના નાણાં તેઓને ભારતીય રૂપિયામાં મળેલા હતા. આ નાણાં તેઓને બેન્ક મારફતે મળેલા. વધુમાં જણાવે છે કે, ડીપાર્ટમેન્ટ ઓફ એન્ફોર્સમેન્ટ ધ્વારા તેઓના ત્યાં તપાસ થયેલી. તેઓએ શ્રી લાધાવાલાને બધા દસ્તાવેજો બતાવેલા અને દસ્તાવેજો રજુ કરેલા. તેઓએ જે દસ્તાવેજો રજુ કરેલા તે શ્રી લાધાવાલાએ કબુલ રાખેલ કે નહિ? તેની તેઓને ખબર નથી. વધુમાં જણાવે છે કે, તેઓના વિરૂધ્ધ કેસ કરતા પહેલા કોઈ

હુકમ થયેલ નથી. તેઓની વિરૂધ્ધમાં આ કેસ થતા પહેલા કોઈ દંડ કે પેનલ્ટીનો હુકમ થયેલ નથી. તેઓને રૂપિયામાં નાણાં ચુકવતા પહેલા રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાની કોઈ મંજુરી લેવાની રહેતી નથી.

(૩૨) વધુમાં, આરોપી નં.ર સેવંતીલાલ ચીમનલાલ શાહ તેઓની સરતપાસમાં જણાવે છે કે, તેઓ ધોરણ ૭ સુધી ભણેલા છે. તેઓને ગુજરાતી ભાષા વાંચતા લખતા આવડે છે. તેઓ અંગ્રેજી ભાષા લખી શકતા નથી તેમજ વાંચી શકતા નથી. તેઓ તેમની સહી ગુજરાતી અને અંગ્રેજી બન્ને ભાષામાં કરી શકે છે. તેઓએ કુપ્સલ ઈન્ટરનેશનલ કંપની કે જે ઝેકોસ્લોવીયામાં આવેલ છે તે કંપનીને માલ એક્ષપોર્ટ કરેલો. આ કંપની સાથે જે કોન્ટ્રાકટ થયેલો એ પ્રમાણે તેઓએ માલ મોકલેલ હતો. માલ શીપમાં આપ્યા પછી તેઓની કોઈ જવાબદારી રહેતી નથી. માર્ક–૧૭૪/૧ નો દસ્તાવેજ જોઈને કહે છે કે, આ દસ્તાવેજ અંગ્રેજી ભાષામાં લખાયેલ હોવાથી તેઓ વાંચી શકે તેમ નથી. માર્ક–૧૭૪/૩ જોઈને કહે છે કે, તેઓએ એન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટને કરેલ રજી.એ.ડી. પહોંચ છે. તેઓને માલ એક્ષપોર્ટ કરવા બદલ પાંચથી છ એવોર્ડ મળેલ છે. માર્ક–૧૭૪/૪ થી રજુ ફોટોગ્રાફ જોઈને જણાવે છે કે, જે તે સમયના ફાઈનાન્સ મીનીસ્ટર ડૉ.મનમોહનસિંહે તેઓને એવોર્ડ આપ્યા બદલનો આ ફોટોગ્રાફ છે. માર્ક–૧૭૪/૫ થી રજુ ફોટોગ્રાફ જોઈને જણાવે છે કે, આ ફોટોગ્રાફ તેઓને કોમર્સ મીનીસ્ટર અમરનાથે એવોર્ડ આપ્યા સમયનો છે. માર્ક–૧૭૪/૬ થી રજુ ફોટોગ્રાફ જોઈને જણાવે છે કે, આ ફોટોગ્રાફ તેઓને જે તે સમયના કોમર્સ મીનીસ્ટર કમલનાથે તેઓને એવોર્ડ આપ્યા બદલનો ફોટોગ્રાફ છે. માર્ક–૧૭૪/૭ થી રજુ ફોટોગ્રાફ જોઈને જણાવે છે કે, તેઓને ઉમર અબ્દુલાએ એવોર્ડ આપ્યા બદલનો આ ફોટોગ્રાફ છે.

(૩૩) વધુમાં, આરોપી નં.ર સેવંતીલાલ ચીમનલાલ શાહ તેઓની સરતપાસમાં જણાવે છે કે, ઝેકોસ્લાવીયામાં કુપ્સલ ઈન્ટરનેશનલનો માલ મોકલ્યા અંગેનું કોનુ સર્ટીફીકેટ આ કામે તેઓએ રજુ કરેલ તે તેઓને યાદ નથી. માલ એક્ષપોર્ટ કર્યા અંગેના નાણાં તેઓને કયા દેશની બેન્કે મોકલેલા તે હાલ તેઓને યાદ નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓની બેન્કે તેઓને નાણાં આપેલ હતા. હાલમાં એસ.સી.કેમીકલ્સ ચાલુ છે. જેના હાલમાં તેઓ ભાગીદાર છે. તેઓને ભાગીદારો સાથે હિસાબો બાબતે તકરાર હોવાથી તેઓ કંપનીમાં જતા તથી. એ વાતની તેઓને ખબર નથી કે જે તે સમયે કાયદામાં સુધારો થયેલ હોવાથી તેઓની વિરૂઘ્ધ ખોટી ફરિયાદ કરેલ છે.

(૩૪) આરોપી નં.ર સેવંતીલાલ ચીમનલાલ શાહની ફરિયાદપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ કેસ થયો ત્યારે તેઓ એસ.સી.કેમીકલ્સના એકટીવ પાર્ટનર હતા. ફેરાના અધિકારી તેઓને ત્યાં સર્ચમાં આવેલા અને ડોકયુમેન્ટ કબજે કરીને લઈ ગયેલા. વધુમાં જણાવે છે કે, તેઓને માલ એક્ષપોર્ટ કરવાના ઓર્ડર ડાયરેકટ મળતા હતા. ઓર્ડર મળ્યા બાદ લેટર ઓફ ક્રેડીટ (એલ.સી.) વિદેશની બેન્ક ભારતીય બેન્કમાં પેમેન્ટ કરાવે ત્યારબાદ તેઓ માલ મોકલતા હતા. એ વાત ખરી છે કે, હાલનો કેસ દાખલ કરતા અગાઉ તેઓને ઓપોર્ચ્યુનીટી નોટીસ આપવામાં આવેલી. જે નોટીસનો તેઓએ તરત જ ખુલાસો કરેલો. એ વાત ખરી છે કે, તેઓએ એક્ષપોર્ટ કરેલ માલની રકમ ફોરેન કરન્સીની જગ્યાએ ઈન્ડીયન કરન્સીમાં આવેલ હોવાથી આ કેસ દાખલ થયેલ છે.

(૩૫) સદરહુ કામે બચાવપક્ષ દ્વારા **આંક–૧૭૬ થી સાહેદ નં.ર અનમોલ ગજેન્દ્ર નરૂલા**નો મૌખિક પુરાવો રજુ થયેલ છે. જેઓ તેમની કોર્ટ સમક્ષની સોંગદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, તેઓ હાલ આર.બી.આઈ., અમદાવાદ ઓફીસમાં ફોરેન એક્ષચેન્જ ડીપાર્ટમેન્ટમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેઓના ડીપાર્ટમેન્ટને કોર્ટનો સમન્સ

કરતા તેઓના જનરલ મેનેજર દેવીકા ગૌરીશંકરનાઓએ તેઓને આ કામે કોર્ટમાં હાજર રહેવા એપોઈન્ટ કરતા તેઓ અદાલતમાં હાજર થયેલા છે. જે જનરલ મેનેજરશ્રી ની સહીનો એપાોઈન્ટમેન્ટ લેટર તેઓએ આ કામે આંક–૧૭૭ થી રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, તેઓ તા.૧૬/૪/૧૯૯૩ ના રોજનો સરકયુલર નં.A.D. (G.P.Series) Circular No.10 સાથે લાવેલ છે જે જોઈને કહે છે કે, આ સરકયુલરમાં એવુ જણાવેલ છે કે, ઝેકોસ્લોવેકીયા નામના દેશનું વિભાજન થતા તે બે દેશોમાં વિભાજન થયેલ. જેના નામ ચેક રિપબ્લીક અને સ્લોવાક રિપબ્લીક છે. આ દેશો સાથે વિભાજન પહેલા જે ટ્રેડ અને પેમેન્ટ એગ્રીમેન્ટ થયેલ હતા અને વિભાજન બાદ જે ટ્રેડ અને પેમેન્ટ એગ્રીમેન્ટ ભારત સરકાર અને ચેક રિપબ્લીક સરકાર વચ્ચે થયેલ ટ્રેડ એગ્રીમેન્ટની વિગતો જણાવેલ છે. તા.૧/૧/૧૯૯૩ ના રોજ આ દેશનું વિભાજન થયેલ અને વિભાજન તા.૧/૧/૧૯૯૩ પછી ભારત સરકાર સાથે જે કાંઈ ટ્રેડ એગ્રીમેન્ટ થશે તે તમામ ટ્રેડ ''In terms of this agreement, effective from 1st January 1993 all trade and payment transactions with Czech will be settled in convertible foreign currencies in accordance with the Exchange Control regulations in force in each country.'' ઉપરોકત સરકયુલર આંક–૧૭૮ થી રજુ કરેલ છે. વધુમાં, સરકયુલર નં.૧૭, તા.૧૬/૧૭– જુલાઈ–૧૯૯૧ નો સરકયુલર તથા સરકયુલર નં.૧૫, તા.૨૦/૭/૧૯૯૧ નો મેળવવા તેઓએ તેઓની મુંબઈ ખાતેની ઓફીસને ઈ–મેઈલ કરેલ છે. જે ઈ–મેઈલનો રીસ્પોન્સ તેઓની પાસે આવેલ નથી. જે ઈ–મેઈલ આ કામે આંક–૧૭૯ થી રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, તા.૧/૧/૧૯૯૩ થી તા.૩૧/૧૨/૧૯૯૨ વચ્ચે ભારત સરકાર અને ઝેકોસ્લોવેકીયા રિપબ્લીક વચ્ચે એક્ષપોર્ટ અને ઈમ્પોર્ટની ચુકવણી બાબતેની તેઓને કોઈ માહિતી નથી. તેઓની મુંબઈ ખાતેની ઓફીસનું સરનામું ફોરેન એક્ષચેન્જ ડીપાર્ટમેન્ટ, રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા, ન્યુ સેન્ટ્રલ ઓફીસ બિલ્ડીંગ, શહીદ

ભગતસિંહ રોડ, ફોર્ટ મુંબઈ , મહારાષ્ટ્ર–૪૦૦૦૦૧ છે. વધુમાં જણાવે છે કે, બાયલેટરલ કન્ટ્રીઝનો અર્થ બે દેશોની વચ્ચેની સમજુતી થાય છે. જી.પી.સી.ડી. એટલે શું. ?તેની તેઓને જાણ નથી.

**(૩૬)** સાહેદ અનમોલ ગજેન્દ્ર નરૂલાની ફરિયાદપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, આજની તારીખે કોઈપણ વિદેશમાં એક્ષપોર્ટ કરેલ માલના નાણાં બન્ને દેશો વચ્ચે થયેલ સમજુતી પ્રમાણે આવે છે. તેઓએ રજુ કરેલ તા.૧૬/૩/૧૯૯૩ ના સરકયુલરમાં એક્ષપોર્ટ કરેલ માલના નાણાં કન્વર્ટેબલ ફોરેન કરન્સીસ મુજબ ભારતમાં સ્વીકારવાનું લખેલ છે. એ વાત ખરી છે કે, કન્વર્ટેબલ ફોરેન કરન્સીમાં યુ.એસ.ડોલર, પાઉન્ડ, જાપાનીઝ યેન અને બીજી વિદેશી કરન્સીઓ આવે છે. એ વાત ખરી છે કે, તેઓએ રજુ કરેલ સરકયુલર મુજબ તા.૧/૧/૧૯૯૩ પછી કન્વર્ટેબલ ફોરેન કરન્સીસમાં જ પેમેન્ટ કરવાનું જણાવેલ છે.

**(૩૭)** સદરહુ કામે બચાવપક્ષ ધ્વારા **આંક–૧૮૦ થી સાહેદ કુશલરાજ ગેકચંદ પારેખ**નો મૌખિક પુરાવો રજુ થયેલ છે. જેઓ તેમની કોર્ટ સમક્ષની સોંગદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, તેઓ એસ.સી.કેમીકલ કંપનીમાં ભાગીદાર હતા. એસ.સી.કેમીકલ કંપની સને–૧૯૮૨ માં શરૂ કરેલી. ડીસેમ્બર–૧૯૯૧ થી સપ્ટેમ્બર–૧૯૯૩ દરમ્યાન તેઓએ રશિયા, ઝેકોસ્લોવેકીયા અને યુરોપમાં દિવેલ એક્ષપોર્ટ કરેલ હતું. એસ.સી.કેમીકલ તે ભાગીદારી પેઢી હતી. એસ.સી.કેમીકલ પેઢી તે કંડલા સ્પેશીયલ ઈકોનોમીક ઝોનમાં આવેલ છે. જે તે સમયે દિવેલ શીપ ધ્વારા કંડલા પોર્ટથી લોડ કરવામાં આવેલું. વધુમાં જણાવે છે કે, દિવેલ એક્ષપોર્ટ કરવા માટે ઈનવોઈસ, બીલ ઓફ લેડીંગ, શીપીંગ બીલ, કવોલીટી સર્ટી. અને કવાન્ટીટી સર્ટી. ના ડોકયુમેન્ટ તેઓ ફોરેન પાર્ટીને આપતા. વધુમાં જણાવે છે કે, હાલ એસ.સી.કેમીકલ ઘણા સમયથી બંધ છે. એ વાત ખરી છે કે, ફરિયાદ મુજબ માલ નેધરલેન્ડ ઉતારવામાં આવેલ. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે,

માલ ઝેકોસ્લોવેકીયા જવાનો હતો, ઝેકોસ્લોવેકીયા લેન્ડ લોક દેશ હોવાથી નજીકનો પોર્ટ રોટરડેમ, નેધરલેન્ડ હોવાથી માલ ત્યાં ઉતારવામાં આવેલ અને ત્યાંથી રોડ મારફતે માલ ઝેકોસ્લોવેકીયા મોકલવામાં આવેલ. એ વાત ખરી છે કે, આ કામે તેઓને અદાલત મારફતે સાક્ષી તરીકે હાજર રહેવા કોઈ સમન્સ કે નોટીસ મળેલી નથી. સદરહુ સાહેદની બચાવપક્ષ તરફેની ઉલટતપાસ નથી.

**(૩૮)** સદરહુ ફરિયાદનું કામ **આખરી દલીલો** માટે રાખતા ફરિયાદપક્ષ તરફે સ્પે.પી.પી.શ્રી ની રેકર્ડ મુજબની મૌખિક દલીલો સાંભળી તેમજ બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા આંક-૧૮૪ થી રજુ થયેલ લેખિત દલીલો ધ્યાનપુર્વક વંચાણે લીધી,જે લેખિત દલીલોની ચર્ચા આગળના હુકમમા કરવામા આવેલ છે.

**(૩૯)** હાલના કેસમાં મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**-:મુદ્દા:-**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં.૧ પેઢી અને આરોપી નં.ર તે પેઢીના ભાગીદાર ધ્વારા ડીસેમ્બર ૧૯૯૧ થી સપ્ટેમ્બર ૧૯૯૩ ના સમયગાળા દરમ્યાન M/S KOOSPOL INTERNATIONAL A.S, ચેક રિપબ્લીક સાથે ભારતીય ફસ્ટ સ્પે.ગ્રેડ રીફાઈન્ડ એરંડાના (Castor Oil) તેલના જથ્થાબંધ સપ્લાય માટે કરાર કરી, જે માલ નિર્ધારીત સ્થળે ઉતારવાના બદલે રોટરડેમ, નેધરલેન્ડ ખાતે ઉતારી તેમજ માલની ચુકવણી ભારતીય ચલણમાં પ્રાપ્ત કરી આરોપીઓએ ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૧૮(ર), ૧૮(૩) સાથે વાંચતા ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૬૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(ર) શું હુકમ ?

(૪૦) ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકારમાં.

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

(૪૧) હાલના કામે ફરીયાદપક્ષ ધ્વારા રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનુ ન્યાયીક મુલ્યાંકન કરતા પહેલા ફોજદારી કેસમા સાબિતીના બોજા બાબતે નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા વિવિધ ચુકાદાઓમા પ્રસ્થાપિત કરવામા આવેલ ન્યાયીક સિધ્ધાંતો ધ્યાને લેવા આવશ્યક હોય,જે નીચે મુજબ છે.

**IN THE SUPREME COURT OF INDIA**

**CRIMINAL APPEAL NOS. 428-430 OF 2019**

**DIGAMBER VAISHNAV & ANR. ...APPELLANTS**

**STATE OF CHHATTISGARH ...RESPONDENT**

5. One of the fundamental principles of criminal jurisprudence is undeniably that the burden of proof squarely rests on the prosecution and that the general burden never shifts. There can be no conviction on the basis of surmises and conjectures or suspicion howsoever grave it may be. Strong suspicion, strong coincidences and grave doubt cannot take the place of legal proof. The onus of the prosecution cannot be discharged by referring to very strong suspicion and existence of highly suspicious factors to inculpate the accused nor falsity of defence could take the place of proof which the prosecution has to establish in order to succeed, though a false plea by the defence at best, be considered as an additional circumstance, if other circumstances unfailingly point to the guilt.

**IN THE SUPREME COURT OF INDIA**

**MOKSH BUILDERS AND FINANCERS LTD.**

**AIR 1977 SC 409**

The burden of proof is, however not static, and may shift during the course of the evidence. Thus while the burden initially rests on the party who would fail if no evidence is led at all after the evidence is recorded, it rests upon the party against whom

judgment would be given if no further evidence were adduced by either side, i.e. on the evidence on record. As has been held by this Court Kalwa Devadattam and others Vs. The Unoin of India and oth- ers(1) that where evidence has been led by the contesting parties on the question in issue, abstract considerations of onus and out of place, and the truth or otherwise of the case must. always be adjudged on the evidence led by the parties. This will be so if the court finds that there is no difficulty in arriving at a definite, conclusion. It is therefore necessary to weigh the evidence in this case and to decide whether, even if it were assumed that there was no conclusive evidence to establish or rebut the "benami" allegation, what would, on a careful assessment of the evi- dence, be a reasonable probability and a legal inference from relevant-and admissible evidenc

(૭૨) ઉપરોકત ચુકાદાઓમા નામ.સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરવામા આવેલ ન્યાયીક સિધ્ધાંતો ધ્યાને રાખી, The Foreign Exchange Regulation Act, **1973** ની અગત્યની એવી જોગવાઈઓ ધ્યાને લેવી આવશ્યક હોય જે નીચે મુજબ છે:

**18. Payment for exported goods:**

18(2). Where any export of goods, to which a notification under clause (a) of sub-section (1) applies, has been made, no person shall, except with the permission of the Reserve Bank, do or refrain from doing anything, or take or refrain from taking any action, which has the effect of securing-

(A)in a case falling under sub-clause (i) or sub-clause (ii) of clause (a) of sub-section (1),-

(a)that payment for the goods-

(i)is made otherwise than in the prescribed manner, or

(ii)is delayed beyond the period prescribed under clause (a) of sub-section (1), or

(b)that the proceeds of sale of the goods exported do not represent the full export value of the goods subject to such deductions, if any,

as may be allowed by the Reserve Bank; and

(B)in a case falling under sub-clause (ii) of clause (a) of sub-section (1), also that the sale of the goods is delayed to an extent which is unreasonable having regard to the ordinary course of trade:

Provided that no proceedings in respect of any contravention of the provisions of this sub-section shall be instituted unless the prescribed period has expired and payment for the goods representing the full export value has not been made in the prescribed manner within the prescribed period.

18(3). Where in relation to any goods to which a notification under clause (a) of sub-section (1) applies the prescribed period has expired and payment therefor has not been made as aforesaid, it shall be presumed, unless the contrary is proved by the person who has sold or is entitled to sell the goods or to procure the sale thereof, that such person has not taken all reasonable steps to receive or recover the payment for the goods as aforesaid and he shall accordingly be presumed to have contravened the provisions of sub-section (2).

**68. Offences by companies.-**

(1) Where a person committing a contravention of any of the provisions of this Act or of any rule, direction or order made thereunder is a company, every person who, at the time of the contravention was committed, was in charge of, and was responsible to, the company for the conduct of business of the company as well as the company, shall be deemed to be guilty of the contravention and shall be liable to be proceeded against and punished accordingly:

Provided that nothing contained in this sub-section shall render any such person liable to punishment if he proves that the contravention took place without his knowledge or that he exercised all due diligence to prevent such contravention.

(2)Notwithstanding anything contained in sub-section (1), where a contravention of any of the provisions of this Act or of any rule,

direction or order made thereunder has been committed by a company and it is proved that the contravention has taken place with the consent or connivance of, or is attributable to any neglect on the part of, any director, manager, secretary or other officer of the company, such director, manager, secretary or other officer shall also be deemed to be guilty of the contravention and shall be liable to be proceeded against and punished accordingly.

Explanation .-For the purposes of this section-

(i)"company" means any body corporate and includes a firm or other association of individuals; and

(ii)"director", in relation to a firm, means a partner in the firm.

**(૪૩)** ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં, નિકાસકાર નિર્ધારીત સમયગાળામાં અને નિર્ધારીત પધ્ધતિએ નિકાસની આવક ભારત દેશમાં પરત લાવવા માટે વાજબી પગલા લેવા બંધાયેલ છે અને જો નિકાસકાર નિર્ધારીત સમયગાળામાં માલની ચુકવણી પ્રાપ્ત ન કરે તો, એવું માની લેવામાં આવશે કે નિકાસકારે ચુકવણી મેળવવા કોઈ વાજબી પગલા લીધેલ નથી. વધુમાં, કલમ ૬૮ ની જોગવાઈ મુજબ જો ઉપર મુજબનો કલમ ૧૮(૨) અને ૧૮(૩) મુજબનો ગુનો કોઈ કંપની અથવા તો પેઢી ધ્વારા કરવામાં આવેલ હશે તો તે કંપની અથવા પેઢીના રોજબરોજના વ્યવહાર માટે જવાબદાર વ્યકિતને સદરહુ ગુના બદલ દોષિત ઠરાવવામાં આવશે. વધુમાં, ફોરેન એક્ષચેન્જ મેનેજમેન્ટ એકટ, ૧૯૯૯ ની કલમ ૪૯(૩)(૪) ધ્યાને લેતાં, સદર કાયદાથી ફોરેન એક્ષચેન્જ રેગ્યુલેશન એકટ, ૧૯૭૩ રદ્દ કરવામાં આવેલ છે અને આ રદ્દ કરાયેલ કાયદાથી બે વર્ષના સમયગાળાની સમાપ્તી પછી રદ્દ કરાયેલ કાયદાની કલમ ૫૧ હેઠળના કોઈપણ ઉલ્લંઘનની નોંધ નહિ લેવા જોગવાઈ કરવામાં આવેલ છે. વધુમાં, કલમ ૪૯(૪) મુજબ રદ્દ કરાયેલ કાયદા હેઠળ કરવામાં આવેલ બધા ગુનાઓ રદ્દ કરાયેલા કાયદાની જોગવાઈઓ ધ્વારા સંચાલિત થવાનું ચાલુ રહેશે જાણે કે તે કાયદો રદ્દ કરવામાં આવ્યો ન હોય.

(૭૪) ભારતીય પુરાવા ધારા કલમ–૩ તથા ૧૬૫ ના પ્રબંધો ધ્યાને લેવામાં આવે તો પુરાવાના કાયદાથી પ્રસ્તુત જાહેર કરેલ હકીકતોના આધારે અદાલતે ફેંસલો આપવો જોઈએ. આ કામે પુરાવાનું મુલ્યાંકન ભારતીય પુરાવા ધારા કલમ–૧૦૧ થી ૧૧૫ ના પ્રબંધો મુજબ કરવામાં આવેલુ છે. ફોજદારી ઈન્સાફી કાર્યવાહીનો સિધ્ધાંત છે કે, ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ ભારતીય પુરાવા ધારાની કલમ–૩ માં જણાવ્યા પ્રમાણે સાબિત તથા નાસાબિતની વ્યાખ્યાઓ મુજબ વ્યાજબી શંકાથી પર રીતે સાબિત કરવો પડે અને જો ફરીયાદપક્ષના કેસમાં કોઈપણ પ્રકારની શંકા ઉભી થાય તો તેનો સીધો લાભ આરોપીને મળે અને આરોપી જો તેમનો બચાવ સાબિત કરવો હોય તો તેઓએ તેમનો બચાવ પ્રિ–પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંત મુજબ સાબિત કરવો જોઈએ અને જો કોઈ કેસમાં આરોપીપક્ષે બચાવ લેવામાં આવેલ ન હોય કે નબળો બચાવ કરવામાં આવેલ હોય તો તેથી તેનો લાભ ફરીયાદપક્ષને મળે નહીં અને વ્યાજબી શંકાથી પર ફરીયાદપક્ષનો કેસ સાબિત થાય નહીં અને જેથી ફરીયાદપક્ષે તેમનો કેસ સાબિત કરવા અંગે સાબિતીનો ભાર હંમેશા ફરીયાદપક્ષ ઉપર જ રહે છે તે કયારેય આરોપીપક્ષ ઉપર આવતો નથી. આ કામે રેકર્ડ જોતા આરોપીપક્ષે ઈ.પી.કો.ક. ૭૬ થી ૧૦૬ મુજબનો કોઈ સ્પષ્ટ બચાવ આ કામમાં લેવામાં આવેલ નથી અને જેથી ભારતીય પુરાવા ધારાની કલમ–૩, ૧૦૧ થી ૧૧૫ ના પ્રબંધો ધ્યાને લઈ સદર કામમાં પુરાવો ધ્યાને લેવામાં આવેલ છે.

(૭૫) આ કામે આંક–૧ ની ફરિયાદમાં આરોપી નં.૧ પેઢી અને તેના ભાગીદારોએ ડીસે–૧૯૯૧ થી સપ્ટે–૧૯૯૩ ના સમયગાળા દરમ્યાન M/S KOOSPOL INTERNATIONAL A.S, ચેક રિપબ્લીક સાથે ભારતીય ફર્સ્ટ સ્પે.ગ્રેડ રીફાઈન્ડ એરંડાના તેલના જથ્થાબંધ સપ્લાય માટે કરાર કરી જે માલ નિર્ધારીત સ્થળે ઉતારવાના બદલે રોટરડેમ નેધરલેન્ડ ખાતે ઉતારી તથા નિકાસ કરેલ માલની ચુકવણી આર.બી.આઈ.ની પરવાનગી વિના ભારતીય ચલણમાં સ્વીકારી આંક–૧ ની

ફરિયાદમાં આક્ષેપિત ગુનો કરેલ હોવાનું જણાવવામાં આવેલ છે.

(૪૬) સદર ફરિયાદના કામે આંક–૫૭ થી રજુ થયેલ ફરિયાદીશ્રી પી.એન.લાઘાવાલાનો મૌખિક પુરાવો ધ્યાને રાખી, રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં સદર કામે આંક–૫૮ થી ડેપ્યુટી લીગલ ડીપાર્ટમેન્ટ, એન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટ ધ્વારા ડેપ્યુટી ડાયરેકટર, એન્ફોર્સમેન્ટ અમદાવાદને લખવામાં આવેલ તા.૩૧/૧/૨૦૦૨ ના રોજનો પત્ર રજુ થયેલ છે. જે પત્રમાં આરોપી નં.૧ પેઢી અને તેના ભાગીદાર વિરૂધ્ધ ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૫૬ અન્વયે પ્રોસિકયુશન દાખલ કરવા જરૂરી એવી ઓપોર્ચ્યુનીટી નોટીસ પાઠવવા સુચન કરવામાં આવેલ છે. આંક–૫૮ ના પત્રના અનુસંધાને ફરિયાદી ડીપાર્ટમેન્ટના ચીફ એન્ફોર્સમેન્ટ ઓફીસર, શ્રી પી.એન. લાઘાવાલાનાઓ ધ્વારા આરોપી નં.૧ પેઢીને ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૬૧(૨) મુજબ ઓપોર્ચ્યુનીટી નોટીસ પાઠવી તેનો ખુલાસો દિન–૭ માં કરવા જણાવવામાં આવેલ છે. જે આંક–૫૯ થી રજુ ઓપોર્ચ્યુનીટી નોટીસ આરોપી નં.૧ પેઢી અને તેના ભાગીદાર આરોપી નં.૨ ને મળતા તેઓ ધ્વારા તા.૧૦/૨/૨૦૦૨ ના રોજ ઓપોર્ચ્યુનીટી નોટીસનો લેખિત જવાબ ચીફ એન્ફોર્સમેન્ટ ઓફીસર અમદાવાદ ને પાઠવી કેસ એપેલેટ ટ્રીબ્યુનલ સમક્ષ પેન્ડીંગ હોવાથી દિન–૭ નો સમય આપવા અરજ ગુજારવામાં આવેલ છે. વધુમાં, આંક–૬૧ નો દસ્તાવેજો ધ્યાને લેતાં જે ફરિયાદી ડીપાર્ટમેન્ટના લીગલ એડવાઈઝર શ્રી ટી.કે.ગડુ ધ્વારા તા.૬/૩/૨૦૦૨ ના રોજ ડે.ડાયરેકટર એન્ફોર્સમેન્ટ અમદાવાદને પત્ર લખી આરોપી સામે ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૫૬ મુજબ પ્રોસિકયુશન દાખલ કરવા ઓપોર્ચ્યુનીટી નોટીસ પાઠવવા સુચન કરવામાં આવેલ છે. જે આંક–૬૧ ના પત્રના અનુસંધાને ફરિયાદી ડીપાર્ટમેન્ટના આસી.ડાયરેકટરશ્રી એમ.એચ.ખાનનાઓ ધ્વારા તા.૧૯/૨/૨૦૦૨ ના રોજ આંક–૬૨ વાળો પત્ર ડે.લીગલ એડવાઈઝર શ્રી ટી.કે.ગડુને લખી આરોપી નં.૧ પેઢી તથા આરોપી નં.૨ ને ઓપોર્ચ્યુનીટી નોટીસ પાઠવેલ હોવાનું

અને આરોપીઓએ જે નોટીસનો જવાબ તા.૧૦/૨/૨૦૦૨ ના રોજ આપેલ હોવાની જાણ કરવામાં આવેલ છે.

(૪૭) વધુમાં, ફરિયાદીશ્રી ધ્વારા તેમની આંક–૫૭ થી રજુ સરતપાસ દરમ્યાન આંક–૭૨ થી ડે.ડાયરેકટર શ્રી સી.એમ.મહેરાનાઓ ધ્વારા આસી.ડાયરેકટર એન્ફોર્સમેન્ટ અમદાવાદને પાઠવવામાં આવેલ પત્ર રજુ થયેલ છે. જે પત્રમાં આરોપી નં.૧ પેઢી ધ્વારા ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૧૮(૨) નો ભંગ કરી નિકાસ કરેલ માલ તેની નિર્ધારીત જગ્યાએ ઉતારવાના બદલે અન્ય જગ્યાએ ઉતારેલ હોવાથી આરોપી પેઢીને જરૂરી એવી ઓપોર્ચ્યુનીટી આપેલ હોવાનું જણાવવામાં આવેલ છે. વધુમાં, આંક–૭૩ થી ફરિયાદપક્ષે ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૪૦ અન્વયે આરોપી નં.૧ પેઢી અને આરોપી નં.૨ ને આપવામાં આવેલ સમન્સ રજુ થયેલ છે. જે સમન્સ રજી. પોસ્ટ એડી.થી બજાવ્યા બદલની એકનોલોઝમેન્ટ આંક–૭૪ થી રજુ કરવામાં આવેલ છે. આંક–૭૩ વાળા સમન્સના અનુસંધાને આરોપી ધ્વારા આંક–૭૫ થી રજુ ટેલીગ્રામ મોકલી વધુ સમયની માંગણી કરવામાં આવતા ફરિયાદપક્ષે આંક–૭૬ થી ફેર સમન્સ આરોપી નં.૧ પેઢી અને આરોપી નં.૨ ને પાઠવવામાં આવેલ છે. વધુમાં, આંક–૭૭ થી ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૪૦ અન્વયે આરોપી નં.૨ નું લેવામાં આવેલ નિવેદન રજુ કરેલ છે. જે નિવેદનમાં આરોપીએ કસ્ટર્ડ ઓઈલ N.C.C BAHA મારફતે એક્ષપોર્ટ કરેલ હોવાનું અને જેનું ફાઈલન ડેસ્ટીનેશન રોટરડેમ આઈ.ટી.ટી. હોવાનું અને આ એક્ષપોર્ટ અંગેના ઈન્વોઈસ, જી.આર. ફોર્મ, બીલ ઓફ લેન્ડીંગ વિગેરે સાથે તા.૨૬/૯/૧૯૯૭ ના રોજ તેઓ હાજર રહેશે તેવું જણાવવામાં આવેલ છે. વધુમાં, આંક–૭૮ થી ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૪૦ અન્વયેના પ્રિસ્ક્રાઈબ ફોર્મમાં લેવાયેલ આરોપી નં.૨ ના સ્ટેટમેન્ટ રજુ થયેલ છે.

(૪૮) વધુમાં, ફરિયાદીશ્રીની સરતપાસ દરમ્યાન આંક–૮૫ થી રજુ થયેલ આરોપી નં.૧ પેઢી ધ્વારા ફરિયાદી ડીપાર્ટમેન્ટને લખવામાં આવેલ પત્ર વંચાણે લેતાં, જેમાં

પેઢીએ સને ૧૯૯૧–૯૨ ના વર્ષમાં ઝેકોસ્લોવેકીયા ખાતે કરેલ એક્ષપોર્ટ ના ઈનવોઈસ–બેંક રીયલાઈઝેશન સર્ટી., જી.આર.આઈ., શીપીંગ બિલ અને બિલ ઓફ લેન્ડીંગ સાથે રાખેલ હોવાનું જણાવેલ છે. આંક–૮૫ વાળા પત્ર સાથે સામેલ ઈનવોઈસ ઘ્યાને લેતાં, આરોપી નં.૧ પેઢી ધ્વારા ઈન્ડીયન કસ્ટર્ડ ઓઈલ કંડલા બંદરેથી એક્ષપોર્ટ કરવામાં આવેલ હોવાનું અને રોટરડેમ બંદર મારફતે ચેક રિપબ્લીક પહોંચેલ હોવાનું જણાવવામાં આવેલ છે. વધુમાં, સદર કામે આંક–૮૬ થી રજુ દસ્તાવેજ ધ્યાને લેતાં જે આરોપી નં.૧ પેઢી ધ્વારા ફરિયાદી ડીપાર્ટમેન્ટને તા.૧૦/૧/૧૯૯૮ ના રોજ લખવામાં આવેલ પત્ર છે અને જે પત્ર સાથે M/S KOOSPOL INTERNATIONAL PRAHA 6 (ZECH Republic) સાથે થયેલ કોન્ટ્રાકટની નકલ તથા ઈનવોઈસ, શીપીંગ બિલ અને બેન્ક રીયલાઈઝેશન સર્ટી. સામેલ હોવાનું જણાવેલ છે.

(૪૯) વધુમાં, ફરિયાદપક્ષે આ કામે ફરિયાદીશ્રીની સરતપાસ દરમ્યાન આંક–૮૯ થી રજુ M/S KOOSPOL INTERNATIONAL A.S, નું લેન્ડીંગ સર્ટી. વંચાણે લેતાં, તેમાં કોન્ટ્રાકટ નં.૩૬૨૨, તા.૨૩/૮/૧૯૯૩ મુજબ નિકાસ કરેલ ૪૯૨ મેટ્રીક ટન ઈન્ડીયન કસ્ટર્ડ ઓઈલ કંડલા મુકામેથી રોટરડેમ ખાતે તા.૧૮/૯/૧૯૯૩ ના રોજ શીપમેન્ટ મારફતે મોકલાવેલ હોવાનું જણાવવામાં આવેલ છે અને સદરહુ લેન્ડીંગ સર્ટી.માં ''We hereby certify that the above mentioned cargo entred into Czech Republic during November/December 1993.'' જણાવવામાં આવેલ છે. આંક–૮૯ થી રજુ લેન્ડીંગ સર્ટી. ઘ્યાને લેતાં આ સર્ટી.ને ચેક રિપબ્લીકની વૈધાનિક સંસ્થા ''ચેક ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી'' ધ્વારા તા.૧૦/૧/૧૯૯૪ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે. જે હકીકત ઘ્યાને લેતાં આંક–૧ ની ફરિયાદમાં જણાવેલ આરોપી પેઢીએ નિકાસ કરેલ કસ્ટર્ડ ઓઈલ નવેમ્બર/ડીસેમ્બર ૧૯૯૩ દરમ્યાન ચેક રિપબ્લીકમાં દાખલ થયેલ હોવાનું પુરવાર થાય છે.

(૫૦) કેસ રેકર્ડ વંચાણે લેતાં, આરોપી પેઢી ઘ્વારા નિકાસ કરવામાં આવેલ માલનું અંતિમ ગંતવ્ય ચેક રિપબ્લીક હતુ, જે ચારેય બાજુથી જમીનથી ઘેરાયેલ દેશ (Land-Locked Country) હોવાથી માલ નજીકના દરીયાઈ બંદર રોટરડેમ ખાતે ઉતારવામાં આવેલ અને ત્યાંથી માલ ચેક રિપબ્લીક પહોંચેલ હતો. હાલના કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ઘ્યાને લેતાં, આરોપી પેઢી ઘ્વારા નિકાસ થયેલ માલ કંડલા બંદરેથી ચેક રિપબ્લીકના વિદેશી ખરીદદારને મોકલવામાં આવેલ હતો. જયાં તમામ પાંચ શીપમેન્ટ માટે ડીસ્ચાર્જ પોર્ટ રોટરડેમ IIT, CSFR એટલે કે ચેક અને સ્લોવાકીયા ફેડરલ રિપબ્લીકના ટ્રાન્ઝીટમાં રોટરડેમ હતું. જે હકીકત ઘ્યાને લેતાં આંક–૧ ની ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી પેઢી ઘ્વારા નિકાસ થયેલ માલ તેના નિર્ધારીત સ્થળે પહોંચેલ નહિ હોવાનું માની શકાય તેમ નથી.

(૫૧) વધુમાં, રેકર્ડ ઉપરનો પુરાવો ઘ્યાને લેતાં ફરિયાદપક્ષે સદર કામે આંક–૧ ની ફરિયાદ દાખલ કરતા અગાઉ ફરિયાદી ડીપાર્ટમેન્ટના કોઈ સક્ષમ અધિકારી પાસેથી પુર્વ મંજુરી મેળવેલ હોય તેવો કોઈ પત્ર રજુ થયેલ નથી. આંક–૫૮ થી રજુ દસ્તાવેજ ઘ્યાને લેતાં જે ફરિયાદી ડીપાર્ટમેન્ટના લીગલ એડવાઈઝરશ્રી ઘ્વારા આરોપીઓ સામે પ્રોસિકયુશન દાખલ કરવા લખાયેલ સુચનનો પત્ર છે. સદર કામે ફરિયાદપક્ષે કોઈ ઓરીજીનલ સેંકશન લેટર રજુ થયેલ નથી. આંક–૧ ની ફરિયાદ એન્ફોર્સમેન્ટ ડીરેકટોરેટ, ન્યુ દિલ્હીની પુર્વ મંજુરીથી દાખલ થયેલ હોવાનું સાબિત થતુ નથી.

(૫૨) વધુમાં, રેકર્ડ ઉપરનો પુરાવો ઘ્યાને લેતાં ફરિયાદી ડીપાર્ટમેન્ટ ઘ્વારા આરોપી પેઢીને પાઠવવામાં આવેલ તા.૬/૨/૨૦૦૨ ના રોજની ઓપોર્ચ્યુનીટી નોટીસના જવાબમાં આરોપી પેઢી ઘ્વારા તેમના વકીલશ્રી મારફતે તા.૧૦/૨/૨૦૦૨ ના રોજ ખુલાસો રજુ કરવામાં આવેલ. જે ખુલાસો ગ્રાહય ન રાખવા બદલ ફરિયાદપક્ષ ઘ્વારા આરોપી પેઢીને કોઈ લેખિતમાં જાણ કરવામાં આવેલ નથી. હાલના કામે આંક–૮૯ ના લેન્ડીંગ સર્ટી. સાથે રજુ થયેલ દસ્તાવેજો ઘ્યાને લેતાં, આરોપી પેઢી ઘ્વારા નિકાસ

થયેલ માલનું શીપમેન્ટ કંડલા બંદરેથી કરવામાં આવેલ અને નિકાસ કરેલ માલ જેકોસ્લેવેકીયાને પ્રાપ્ત થયેલ હતો તથા તેનો ટ્રાન્ઝીટ માર્ગ રોટરડેમ બંદર થઈને હતો.

**(૫૩)** વધુમાં, ફરિયાદપક્ષ ધ્વારા તેમની આંક-૧ ની ફરિયાદમાં આરોપી પેઢીએ નિકાસ કરેલ માલનું ચુકવણુ ભારતીય ચલણમાં પ્રાપ્ત કરી ફેરા એકટની કલમ ૧૮(૩) નો ભંગ કરેલ હોવાના આક્ષેપો કરવામાં આવેલ છે. જે આક્ષેપો ધ્યાને રાખી રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લેતાં આરોપી પેઢી ધ્વારા નિકાસ થયેલ માલ શીપમેન્ટ મારફતે કંડલા બંદરેથી રોટરડેમ, નેધરલેન્ડ મોકલવામાં આવેલ અને ત્યાંથી રોડ અથવા રેલ્વે માર્ગે પરીવહન કરવામાં આવેલ હતો. રજુ થયેલ દસ્તાવેજો ઈન્સ્પેકટર ઓફ કસ્ટમ, કંડલા ધ્વારા યોગ્ય રીતે મંજુર કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં આરોપી નં.૧ પેઢી ધ્વારા આપવામાં આવેલ ઈનવોઈસ ભારતીય ચલણમાં રકમ દર્શાવે છે અને બેન્ક ઓફ ઈન્ડીયા, ગાંધીધામ શાખા ધ્વારા રજુ થયેલ પ્રમાણપત્ર ધ્યાને લેતાં ઈનવોઈસમાં દર્શાવેલ તમામ રકમ બેન્ક ધ્વારા વસુલ કરવામાં આવેલ છે. આ પ્રમાણપત્ર ડેવલોપમેન્ટ કમિશનરની કચેરી, કંડલા ફ્રી ટ્રેડ ઝોન, ગાંધીધામ ને મોકલવામાં આવેલ છે. માલના નિકાસ માટેના શીપીંગ બિલોની ચકાસણી કસ્ટમ હાઉસ કંડલાના પ્રિવેન્ટીવ ઓફીસર ધ્વારા કરવામાં આવેલ છે.

**(૫૪)** વધુમાં, હાલના કામે બચાવપક્ષે રજુ થયેલ સાહેદોનો મૌખિક પુરાવો ધ્યાને લેતાં, આંક-૧૭૬ થી તપાસવામાં આવેલ સાહેદ અનમોલ ગજેન્દ્ર નરૂલા કે જેઓ આર.બી.આઈ.ના ફોરેન અફેર્સ ડીપાર્ટમેન્ટમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. જેઓનો મૌખિક પુરાવો ધ્યાને લેતાં સને-૧૯૯૧ થી સને-૧૯૯૩ના વ્યવહાર માટે ભારત અને ઝેકોસ્લોવેકીયા વચ્ચેના અરસપરસના કરારના કારણે નિકાસની રકમ ભારતીય ચલણમાં મેળવી શકાતી હતી. આંક-૧૭૬ ના ઉપરોકત સાહેદની સરતપાસ દરમ્યાન આંક-૧૭૮ થી રજુ સરકયુલર ધ્યાને લેતાં આરોપીઓએ નિકાસ કરેલ

માલનું ચુકવણું ભારતીય ચલણમાં મેળવી ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૧૮(૩) મુજબનો ગુનો કરેલ હોવાનું માની શકાય તેમ નથી.

**(૫૫)** વધુમાં, બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા તેમની લેખિત દલીલોમાં આંક–૧ ની ફરિયાદ વિલંબથી દાખલ થયેલ હોવાની તકરાર ઉઠાવવામાં આવેલ છે. સમય મર્યાદા બાબતે બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા તેમની લેખિત દલીલોમાં ઉઠાવવામાં આવેલ તકરાર ધ્યાને રાખી Economic Offences(Inapplicability of limitation) Act, 1974 ની જોગવાઈઓ ધ્યાને લેતાં, ક્રિ.પ્રો.કોડ, ૧૯૭૩ ના પ્રકરણ–૩૬ માં જણાવેલ સમય મર્યાદા તે ફેરા એકટ, ૧૯૭૩ ના કાયદાને લાગુ પડતી ન હોય બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા તેમની લેખિત દલીલોમાં ઉઠાવવામાં આવેલ ફરિયાદ વિલંબથી દાખલ કરેલ હોવાની તકરાર ગ્રાહય રહેવા પાત્ર જણાતી નથી.

**(૫૬)** વધુમાં, બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા તેમની લેખિત દલીલોના પેરા ૧૫(બી) માં મુદ્દત તા.૨૮/૨/૨૦૨૬ ના રોજ કોર્ટ બિલ્ડીંગમાં દિવ્યાંગ વ્યકિતઓને દાખલ થવા બનાવવામાં આવેલ રેમ્પ (ઢાળ) નું સમારકામ થતુ હોવાથી બચાવપક્ષના વિ.વ.શ્રી કોર્ટમાં આવી શકેલ નહિ અને કોર્ટના કહેવાથી બચાવપક્ષના વિ.વ.શ્રીએ તેમના પ્રોકસી એડવોકેટની નિમણુક કરી કુશલરાજ પારેખની મૌખિક જુબાની નોંધેલ અને કોર્ટના કહેવાથી કલોઝીંગ પુરસીસ આપેલ હોવાનું જણાવેલ છે. બચાવપક્ષના વિ.વ.શ્રીની ઉપર મુજબની લેખિત દલીલો ધ્યાને રાખી સદર કામે આંક–૧૮૫ ની અરજી લગત થયેલ હુકમ વંચાણે લેતાં મુદ્દત તા.૨૮/૨/૨૦૨૬ ના રોજ આરોપીના વકીલશ્રી બી.બી.શાહ તરફે તેઓની સહીથી પ્રોકસી લેટર આપી આ કામે આગળની કાર્યવાહી કરવા માટે પ્રોકસી વકીલશ્રી પી.એમ.ચૌહાણને નિયુકત કરેલ હોવાનું લેખિતમાં જાહેર કરતાં આ કામે આંક–૧૮૦ થી બચાવપક્ષના સાહેદ નં.૩ તરીકે કુશલરાજ ગેકચંદ પારેખનો મૌખિક પુરાવો નોંધવામાં આવેલ છે અને ત્યારબાદ બચાવપક્ષે આંક–૧૮૧ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરી આંક–૧૮૩ થી આરોપી

નં.૨ તથા પ્રોકસી એડવોકેટ શ્રી પી.એમ.ચૌહાણની સહીથી પુરાવા બંધ પુરસીસ રજુ થયેલ છે. વધુમાં, હાલનું કામ આખરી દલીલો માટે મુલત્વી રાખવામાં આવતા બચાવપક્ષના વિ.વ.શ્રી બી.બી.શાહનાઓ ધ્વારા તેઓની સહીથી આંક–૧૮૪ થી તા.૭/૩/૨૦૨૬ ના રોજ વિગતવારની લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે. આમ, રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમાં લેતાં વકીલશ્રી બી.બી.શાહની સંમતિથી તેમના પ્રોકસી એડવોકેટ તરીકે પી.એમ.ચૌહાણ ધ્વારા આરોપી નં.૨ ની સહીથી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ હોય ત્યારે આંક–૧૮૪ ની લેખિત દલીલોના પેરા નં.૧૫(બી)માં જણાવ્યા મુજબની બચાવપક્ષના વિ.વ.શ્રીની તકરાર રેકર્ડ વિરૂધ્ધની જણાઈ આવતી હોય જે ગ્રાહય રહી શકે તેમ નથી.

**(૫૭)** વધુમાં, હાલની ફરિયાદના કામે ઈન્સાફી કાર્યવાહીના શરૂઆતી તબકકે આરોપી નં.૧ –૨ નાઓ ધ્વારા આંક–૯ થી તા.૨૯/૯/૨૦૦૩ ના રોજ ડીસ્ચાર્જ અરજી રજુ થતાં જે ડીસ્ચાર્જ અરજી જે તે સમયે આ કેસના મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રી ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે અને ફેરા એકટ અન્વયેની એપેલેટ ટ્રીબ્યુનલે અપીલ નં. ૪૩૬/૨૦૦૦ અને ૪૩૭/૨૦૦૦ ના કામે ફરમાવેલ હુકમ હાલના ફોજદારી કેસને લાગુ પડતો નહિ હોવાનું ઠરાવેલ છે.

**(૫૮)** આંક–૯ થી રજુ ડીસ્ચાર્જ અરજી લગત તા.૧૦/૧૦/૨૦૦૭ ના રોજ હુકમ થયા બાદ આ કામે ફરિયાદપક્ષે આંક–૫૭ થી ફરિયાદીશ્રી પી.એન.લાધાવાલાનો મૌખિક પુરાવો રજુ કરી ફરિયાદના સમર્થનમાં આંક–૫૮ થી ૭૮ તથા આંક–૮૫ થી ૧૦૫ સુધીના વિવિધ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે. જે તમામ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને રાખી આ કામે આંક–૩૯ થી રજુ થયેલ ફેરા એકટ અન્વયેની એપેલેટ ટ્રીબ્યુનલનો અપીલ નં.૪૩૬/૨૦૦૦ અને ૪૩૭/૨૦૦૦ ના કામે તા.૨૦/૬/૨૦૦૬ ના રોજનો ચુકાદો ધ્યાને લેતાં નામદાર એપેલેટ ટ્રીબ્યુનલ ધ્વારા ફરિયાદી ડીપાર્ટમેન્ટના એન્ફોર્સમેન્ટ ડીરેકટોરેટ, મુંબઈ ધ્વારા પસાર કરવામાં

આવેલ સંયુકત નિર્ણાયક આદેશ (Adjudication Order) નંબર ADJ/44/B/SDE /PK/A/2000/1424, તા.૯/૩/૨૦૦૦ કે જે આદેશ દ્વારા આરોપી નં.૧ એસ.સી. કેમીકલ્સ, ગાંધીધામને રૂા.૫૦ લાખ અને આરોપી નં.૨ સેવંતીલાલ ચીમનલાલ શાહને રૂા.૫ લાખનો દંડ કરવામાં આવેલ તે Adjudication Order એપેલેટ ટ્રીબ્યુનલ દ્વારા રદૃ કરવા હુકમ કરવામાં આવેલ છે. આંક–૩૯ થી રજુ થયેલ એપેલેટ ટ્રીબ્યુનલનો હુકમ ધ્યાને લેતાં તેમાં કેસની હકીકતો ધ્યાને રાખી Adjudication ઓર્થોરીટીનો હુકમ રદૃ કરવામાં આવેલ છે.

(૫૯) વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે તેમના ચુકાદા Videocon Industries Ltd. V/s. State of Maharashtra, 2016(0) AIJEL-SC-58717 ના કામે ઠરાવ્યા મુજબ જો ટ્રીબ્યુનલ દ્વારા તેનો ચુકાદો ટેકનીકલ કારણોસર નહિ પરંતુ કેસની હકીકતો ધ્યાને રાખી તેના ગુણદોષ ઉપર આપવામાં આવેલ હોય તો તેવો એપેલેટ ટ્રીબ્યુનલનો ચુકાદો ફોજદારી કોર્ટને પણ બંધનકર્તા રહે છે. હાલના કામે રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લેતાં એપેલેટ ટ્રીબ્યુનલ દ્વારા અપીલ નં.૪૩૬/૨૦૦૦ અને ૪૩૭/૨૦૦૦ ના કામે તા.૨૦/૬/૨૦૦૬ ના રોજ આપવામાં આવેલ ચુકાદો કેસની હકીકતો ધ્યાને રાખી તેના ગુણદોષ ઉપર આપવામાં આવેલ છે ત્યારે નામદાર એપેલેટ ટ્રીબ્યુનલનો ચુકાદો સદરહુ ફોજદારી ફરિયાદના કામે ધ્યાને લેવા પાત્ર બને છે તેવું અત્રેની અદાલતનું માનવું છે.

(૬૦) વધુમાં, નામદાર એપેલેટ ટ્રીબ્યુનલ દ્વારા તેમના ચુકાદામાં આરોપી સામે થયેલ Adjudication Order નં.ADJ/44/B/SDE/PK/A/2000/1424, તા.૯/૩/૨૦૦૦ નો રદૃ બાતલ ઠરાવવામાં આવેલ છે ત્યારે રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આંક–૧ ની ફરિયાદમા જણાવ્યા મુજબ, આ આરોપી નં.૧ પેઢી અને તેના ભાગીદાર આરોપી નં.૨ નાઓ દ્વારા ડીસેમ્બર ૧૯૯૧ થી સપ્ટેમ્બર ૧૯૯૩ ના સમયગાળા દરમ્યાન M/S KOOSPOL INTERNATIONAL A.S, ચેક રિપબ્લીક સાથે ભારતીય

ફસ્ટ સ્પે.ગ્રેડ રીફાઈન્ડ એરંડાના (Castor Oil) તેલના જથ્થાબંધ સપ્લાય માટે કરાર કરી,જે માલ નિર્ધારીત સ્થળે ઉતારવાના બદલે રોટરડેમ, નેધરલેન્ડ ખાતે ઉતારી અને તે માલની ચુકવણી ભારતીય ચલણમાં પ્રાપ્ત કરી આરોપીઓએ ફેરા એકટ, ૧૯૭૩ ની કલમ ૧૮(૨),૧૮(૩) સાથે વાંચતા ફેરા એકટ,૧૯૭૩ ની કલમ–૬૮મુજબનો મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનુ સાબિત કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે,જેથી ઉપરોકત તમામ ચર્ચા ધ્યાને રાખી મુદ્દા નં.૧ નો જવાબ "**નકારમાં**" આપી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હીતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## <u>–: આ ખ રી હુ ક મ :–</u>

**(૧)** ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે સદરહુ કામના આરોપીઓ નામે– **(1) M/s. S.C.Chemicals (2) Shri Sevantilal C. Shah** નાઓને **Under Section 56 read with Section 18(2), 18(3) and 68 of The Foreign Exchange Regulation Act, 1973 read with sub section 49(3)(4) of The Foreign Exchange Management Act, 1999** મુજબના ફોજદારી કેસ નં. ૨૦૦૧૧૬/૨૦૦૨ ના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** વધુમાં ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીને આદેશ કરવામાં આવે છે કે, દરેક તહોમતદારે અપીલ અદાલતમાં હાજર રહેવા માટે છ માસના સમય મર્યાદાનાં રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના સધ્ધર સ્થાનિક જામીન તથા તેટલીજ રકમનાં જાતમુચરકા અત્રેની અદાલતમાં લખી આપવા.

હુકમ આજરોજ તારીખ : ૨૫ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ શહેર.
તારીખ : ૨૫/૦૩/૨૦૨૬

(**ડી.એચ.ખંભાતી**)
એડી.ચીફ જયુ.મેજીસ્ટ્રેટ,અમદાવાદ શહેર
<u>UIC No. : GJ00866</u>